Summit



# અધ્યાત્મ

વર્ષ : ૧૫ જૂન-૧૯૯૪ અંક : ૯

## * એકતાની અભિલાષા *

મારાં નયનરૂપી ચકોરને તારા વદનવિધુ પર સ્થિર કરી દે, એના જ રસાસ્વાદમાં એને મસ્ત થવા દે! ઓ મારા પ્રભુ, મારા મનરૂપી મધુકરને તારા વદનકમળમાં મસ્ત થવા દે!


મારા નયનરૂપી ચાતકને તારા વદનવાદળમાં મસ્ત થવા દે!

મારાં નયનરૂપી ચાતકને તારા વદનવાદળ પર એક કરી દે, એના જ રસાસ્વાદમાં એને મસ્ત થવા દે! ઓ મારા પ્રભુ, મારા મનરૂપી મીનને તારા પ્રેમસલિલમાં સ્નાન કરવા દે!

મારા નયનરૂપી કમલને તારા ચરણમાં બલિ બનવા દે, એના જ રસાસ્વાદમાં એને મસ્ત થવા દે! ઓ મારા પ્રભુ, મારી મનરૂપી સરિતાને તારા પ્રશાંત મહાસાગરમાં મળી જવા દે!

મારા મનરૂપી મધુકરને તારા ચરણમાં સ્થિર કરી દે, એના જ રસાસ્વાદમાં એને મસ્ત થવા દે! ઓ મારા પ્રભુ, મારા મનરૂપી શબ્દને તારા મહાશબ્દમાં મળી જવા દે, તારા મહાકાવ્યની માળામાં ફૂલ બનીને ગૂંથાઈ જવા દે!

યોગેશ્વરજી




સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી
સદ્વિચાર પરિવારને ભેટ આપવામાં આવેલ
શ્રી યોગેશ્વર એમ્બ્યુલન્સવાન.
તેને આશીર્વાદ ધરે છે
સંત શ્રી મનુવર્યજી

## * ચૂંટેલાં પુષ્પો *

શંકાથી શંકા વધે છે, વિશ્વાસથી વિશ્વાસ વધે છે. આ અનુભવનું શાસ્ત્ર છે.

જો તમને તમારી જિંદગીથી પ્યાર છે તો તમે તમારો કીમતી સમય સહેજ પણ ન બગાડો.

જિંદગીમાં શંકાને સહેજ પણ જગ્યા ન આપો કારણ કે શંકાથી જિંદગી તબાહ થઈ જાય છે.

આપણા જીવનનો દરેક દિવસ કંઈક એવી રીતનો હોય કે જેમાંથી આપણે કંઈક શીખ્યું હોય.

એ માનવી ગરીબ નથી જેની પાસે પૈસો ઓછો છે. ગરીબ તો એ છે જેની આશાઓ મોટી મોટી છે.

કાન પાકા રાખવા. કાચા કાનના માનવી અનર્થ કરે છે.

પ્રવાસમાં વિવિધ પ્રકારના ઠઠારા બહેનો કરે છે અને એના વિપરિત પરિણામ આવે છે. માટે મુસાફરીમાં અસલી સ્વરૂપ ઘરે જ મૂકવું જોઈએ.

હા, મારા વિચારો બીજા જાણે તો? હું રસ્તા ઉપર ચાલી રહ્યો છું. એક સ્ત્રી તરફ મારી દૃષ્ટિ જાય છે, પણ કોઈ એ જોતું નથી, જાણતું નથી. હવે એ કુવિચાર લોકોની મેદનીની વચ્ચે મારા કપાળ ઉપર લાલ અક્ષરથી લખાઈ જાય તો?

મારા મનની અશુભ, અંધારી, અઘોરી સૃષ્ટિ કોઈ અજાણ્યા રસાયણથી બીજાઓની આગળ છતી થાય તો?


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| સ્વામી રામ એક મહાન વ્યક્તિત્વ | પરમાર્થી | ૧૪ |
| શ્રી યોગેશ્વર એમ્બ્યુલન્સ વાનનો અર્પણ સમારંભ | તંત્રી | ૨૦ |
| પૂ. ગુરુદેવની અણધારી સહાયની અનુભૂતિઓ | પ્રો. સી. કે. શાહ | ૨૩ |
| અમૃતપળોનો આસ્વાદ–૧૧ | કલ્યાણ | ૨૬ |
| સંવાદ | મધુરમ્ | ૪૦ |
| હો સંતો, ભાઇ ! | અનામી | ૪૨ |
| સંત કબીર | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૭ |
| પ. પૂ. માનો હરદ્વાર નિવાસ | નારાયણ હ. જાની | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૫ જૂન–૧૯૯૪ અંક : ૯

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૯–૩–૮૧, રવિવાર, ફાગણ વદ આઠમ, ૨૦૩૭, સ્થળ : અમદાવાદ.**

નિયમ મુજબ ક્રમ ચાલ્યા કરે છે. આ રૂમમાં એક પલંગ છે જેના ઉપર પૂ. શ્રી શયન કરે છે. પણ લેખનકાર્ય ને વ્યાયામ નીચે પાસે પડેલી શેત્રંજી ઉપર બેસી કરે છે.

આજે દૂધ પીધા પછી પૂ. શ્રી પોતાની સ્વાભાવિક ટેવ મુજબ જગદંબાનો (પરમશક્તિનો) સંપર્ક કરી પોતાના હવે પછીના કાર્યક્રમની રૂપરેખા માંગે છે. જગદંબા વડોદરા જવાની, તલોદ પ્રવચનોની અને પછી સુરત જવાની ને પ્રવચન કરવાની હા પાડે છે. તેથી પૂ. શ્રી હવે એ બધાં કાર્યો ઉપર પોતાની મહોર લગાવશે.

સાડા અગિયારે તલોદથી પ્રો. ત્રિવેદી, વડોદરાથી જીતુભાઇ, વિજયભાઇ, રાજકોટથી શાંતિભાઇ સાથે આ યજમાન પરિવાર પણ આવે છે. પ્રવચનની ને પુસ્તકોની વાતો થાય છે. ભોજન બાદ શ્રી જીતુભાઇ ને શ્રી વિજયભાઇ સાથે શિબિર અંગે વાતચીત કરે છે.

આજે સર્વેશ્વરી સ્વામી નારાયણનું પ્રદર્શન જોવા જાય છે. પણ ઘણી ભીડ હોઇ પાછાં આવી જાય છે. સાંજે પ્રશ્નોત્તરી શરૂ થતાં પહેલાં પૂ. શ્રી આગ્રહ કર્યો હોવાથી સંતરાનો રસ લે છે. આજે મુલાકાતીઓ પ્રમાણમાં ઘણા છે.

ભજનો બે સંભળાવવામાં આવે છે. પછી પ્રશ્ન કોઇ પૂછતું નથી ત્યાં અમારા યજમાન શ્રી નંદુભાઇ આવે છે, તે પ્રશ્ન પૂછે છેઃ–

**પ્રશ્ન :** રામાયણ ને મહાભારત એ સાચી કથા, આદર્શ કથા કે ઇતિહાસ છે?

**પૂ. શ્રી :** વાલ્મિકી રામાયણ ને વ્યાસનું મહાભારત ઇતિહાસ છે. તુલસીકૃત રામાયણ કથા છે. જેમાં તે જમાનાના લોકજીવનનું, માન્યતાનું વર્ણન ભળેલું છે. વાલ્મિકીએ ઇતિહાસ લખ્યો ને તે સાચો છે. એનાં પાત્રો પણ સાચાં છે. તુલસીદાસ વાલ્મિકીને વફાદાર રહ્યા નથી.

તુલસીકૃતમાં શબરીને એક બોર ખવડાવતી, ભીલ જાતિની સ્ત્રી બતાવી છે. વાલ્મિકીએ શબરીને તપસ્વિની, યોગીની ને ફળોથી રામનો સત્કાર કરતી બતાવી છે. જે પ્રાચીન ગ્રંથોના ગૌરવવંતાં પાત્રો છે તેને ઘણો અન્યાય તુલસીદાસે કર્યો છે અને આજકાલ બધા જ કથાકાર સંસ્કૃત જાણતા નથી એટલે મૂળ



ગ્રંથમાં શું છે તે જાણ્યા વિના ફેંકોલોજી કર્યા કરે છે. તેઓ ભારતીય ઇતિહાસનું ખૂન કરે છે.

જુઓ, અંદર મારું રામાયણદર્શન છે તે લાવો. (અમીત એ પુસ્તક અંદરના રૂમમાંથી લાવે છે) શબરી કેવી હતી તે જુઓ!–એમ કહી રામાયણ દર્શનની શબરી ઉપરનું કાવ્ય પૂ. શ્રી વાંચી સંભળાવે છે. સમજાવે છે. રામકથાનો ગુજરાતમાં પ્રચારનો માર્ગ બતાવે છે. એમાં જ સત્સંગનો પોણો કલાક પૂરો થાય છે.

ત્યારબાદ એકાદ બે પ્રશ્નો પૂછાય છે. સૌ શાંતિથી વિદાય થાય છે. ખીચડી ને દૂધ લઇ આરામ કરવામાં આવે છે.

સર્વેશ્વરી યજમાન પરિવાર વચ્ચે અડધો કલાક ગાળે છે. ત્યાં ડાયરીનું વાંચન થાય છે.

**તા. ૩૦–૩–૮૧, સોમવાર, ફાગણ વદ નોમ, ૨૦૩૭, સ્થળ : અમદાવાદ.**

સવારે સાડા અગિયારની બેઠકમાં થોડી ચર્ચાઓ થઇ. એક ડોક્ટરબેન પોતાના પિતાજીનો સ્વર્ગવાસ થયો છે તો તેની શાંતિ માટે શું કરવું તે પૂછે છે.

**પૂ. શ્રી :** તેમને જે પ્રિય હતું તે કરો. ધ્યાન, પ્રાર્થના વિગેરે.

**પ્રશ્ન :** તેઓ શિવમહિમ્નનો પાઠ પણ નિયમિત કરતા. મારો વિચાર, તમારું શિવમહિમ્ન છે–તે છપાવવાનો છે. રૂા. ૧૦૦૧/– આપવા તૈયાર છું.

એ બેનને પૂ. શ્રીએ કહ્યું કે અમે વડોદરાના એક ભાઇ પાસે છપાવી જ રહ્યા છીએ. તેમાંથી તમે લઇ લેજો ને વહેંચજો પણ તે બેન તો રૂા. ૧૦૦૧/– જ આપવાનું ઇચ્છે છે. જેથી

શિવમહિમ્ન છપાવવા પૂ. શ્રીને તેઓ ચેક આપે છે. રાજકોટવાળા શાંતિભાઇ પણ રોકાયા છે. તે પણ સવારની બેઠકમાં હાજરી આપે છે.

ભોજન બાદ આરામ. ત્યારબાદ સ્નાન કરી રૂમમાં આંટા મારવાનું કાર્ય પૂ. શ્રી કરી રહ્યા છે. થોડીવારમાં મુલાકાતનો સમય થતાં દ્વાર ઉઘડશે.

એક મહાત્માની વાત ચાલી રહી છે. વળી પ્રો. નવિન ભટ્ટની પ્રશંસા કરતાં પૂ. શ્રી કહે છે, ગુજરાતનું એક જવાહર હતું, રત્ન હતું. ત્યાં શ્રી પદ્માબેને કહ્યું, ગુરુજી ગઇકાલે શબરીની વાતો કરી તો મેં એક ભજન લખ્યું.

**પૂ. શ્રી :** ગાઓ.

**બેન :** લાંબુ છે. અલ્પમતિથી લખ્યું છે.

**પૂ. શ્રી :** તો પણ ગાઓ.

જેથી પૂ. શ્રી પાસે તેઓ તે ભજન ગાય છે. અહીં સત્સંગમાં નિયમિત ત્રણ નાના બાળકો આવે છે. ઘણીવાર વિચાર થાય કે આ છોકરાઓને જ્ઞાનની આ ચર્ચામાં રસ તો ન પડતો હોય પણ પૂ. શ્રીનું એવું આકર્ષણ એમના અંતરમાં હશે તો જ આવે ને! નાના બાળકો સાચે જ વંદનીય છે. તેમના નામ વિપુલ, કેતન ને સંજય છે. સાડા અગિયાર વાગ્યે તે પૈકી એક બાળકે પૂછ્યું:–

**પ્રશ્ન :** ગાયત્રીજપ કરીએ ને સાત દિવસ ઉપવાસો કરીએ તો પાપ ધોવાઇ જાય?

**પૂ. શ્રી :** અરે! તમારા જેવા બાળકોને પાપ કેવાં! ખાવું, પીવું ને ભણવું. ઘણાં ઉપવાસી વધારે પાપ (ક્રોધરૂપી) કરતાં હોય છે.



એક ભાઇ 'અધ્યાત્મ'ને જાહેરખબર માટે ઉપયોગી થવાની ઇચ્છાથી ભાવનગરથી આવ્યા છે. તેઓ પૂ. શ્રી પાસે આશીર્વાદ માંગે છે. પૂ. શ્રી કહે : સારા કાર્યમાં પ્રભુના આશીર્વાદ છે જ. ભગવાન પાસે રબર સ્ટેમ્પ તૈયાર જ હોય છે. સારા કામમાં તે જલ્દી મારે છે.

(તે ભાઇ વિદાય થાય છે. પૂ. શ્રી ફૂલ આપે છે.)

**પ્રશ્ન :** દરેક પર પ્રભુ રબર સ્ટેમ્પ કેમ નથી મારતા?

**પૂ. શ્રી :** રબર સ્ટેમ્પ મારે છે, પણ તે દેખાતા નથી. સૂક્ષ્મ છે. ભગવાનનું સેક્રેટરીએટ. નહીં તો બધાં જ ઓફિસમાં જઇ જઇને પોતે જ મારી આવે.

એ તો રબર સ્ટેમ્પ પડયો છે તે કોઇક જાણે. કોઇ વીરલા ગુરુને જાણે, કોઇ વીરલા સદ્દગુરુ જાણે. (પૂ. શ્રી ગાવા લાગે છે. અને સર્વેશ્વરીને ઇશારત કરે છે. સર્વેશ્વરી પૂ. શ્રીના ભજનોની કાગળની કોથળી લાવીને પૂ. શ્રી પાસે મૂકે છે. એટલે પૂ. શ્રી ખૂબ સરસ રીતે સમજાવતાં ભજન ગાય છે.)

૧. કોઇ વીરલા સદ્દગુરુ જાણે

૨. મને દેખી અચરજ થાય, નાવમાં દરિયા ડૂબી જાય.

૩. અમારા જીવનમાં મળો એવી રીતે, ચંદનમાંહી જેમ પાણી મળે.
અમારા જીવનમાં ભળો એવી રીતે, ફૂલમહીં જેમ ફોરમ ભળે.

ભજનો ગવાયાં છે. પૂ. શ્રી કહે છે, માતાજી ઉપર ૬૨ જેટલાં પદો લખાયાં છે.

**એક બેન :** દરરોજ વિષય સૂઝવા એ મુશ્કેલ છે ને?

**પૂ. શ્રી :** કોને? જેની પાસે કૂવો નથી, હેન્ડ પંપ નથી. અહીં

તો પાણી લાવો તો એક ને બદલે એક્યાસી હાજર. એક વાર પ્રભુ સાથે સંબંધ જોડો એટલે પછી તે જ સૂઝાડે. તે જ વાણી પણ આપે. તે જ વિષય પણ સૂઝાડે.

આ કંઇ એક જનમનું થોડું છે! પંજાબમાં, મહારાષ્ટ્રમાં, ગુજરાતમાં દરેક જન્મે સિદ્ધ ભક્ત સાથે જ (સર્વેશ્વરી તરફ આંગળી ચીંધીને કહે છે) એ પણ દરેક જન્મે હતાં. એકવાર છોકરારૂપે પણ આવ્યાં. દરેક વખતે કુમારિકા રૂપે જ આવે એવું થોડું છે!

વિગેરે વાતો થઇ, બાદ સમય થતાં ધૂન બોલાવી, શાંતિમંત્ર બોલી સૌ પ્રસાદ લઇ છૂટાં પડે છે. પૂ. શ્રી ખીચડી ને દૂધનું ભોજન લે છે. આરામ.

ફરીવાર ડાયરી વાંચન માટે નીચે નંદુભાઇના પરિવાર પાસે જવાનું થયું, પણ બીજી સત્સંગની જ વાતો થઇ.

**તા. ૩૧–૩–૮૧, મંગળવાર, ફાગણ વદ દશમ, ૨૦૩૭, સ્થળ : અમદાવાદ.**

સવારે નિયમિત રીતે સાડા અગિયારે દ્વાર ખૂલે છે. આ ઘરની મોટી પુત્રી મીનાબેન સફાઇ કરવા માટે આવી જાય છે. સમય થતાં પરિવારના સભ્યો ઉપર આવે છે.

પૂ. શ્રી દરરોજની જેમ સૌને જપ કર્યા કે નહીં એવું પૂછે છે. સૌ જવાબ આપે છે. વળી શ્રી નંદુભાઇની બીજી પુત્રી શ્રી જયશ્રીબેનને ગઇકાલે શિવસ્તુતિની સૂચના કરી હતી. આજે તેમને પૂ. શ્રી રાગ શીખવે છે. ત્યાં તો કાર્તિકેય પ્રશ્ન પૂછે છેઃ–

**પ્રશ્ન :** સ્તુતિ ને મંત્રજપ બંનેમાં પ્રભાવ કોનો વધારે?



**પૂ. શ્રી :** જુઓ, બંને જુદાં છે. ડાયરેક્ટ કોલ અને બુકીંગ કરાવેલો કોલ. ડાયરેક્ટ વાત સ્તુતિમાં થાય. તેનાથી ભાવ વધે. તમે એકલા જપ કરો છો?

**જવાબ :** ના, સાથે સ્તુતિ પણ કરું છું.

**પૂ. શ્રી :** મારો કહેવાનો અર્થ એ છે કે પંખીની બે પાંખ છે. તમે એકલા કે તમે જેનાથી જોડાવાના છો તે પણ તમારી સાથે જપ પ્રાર્થનામાં બેસે છે?

**કાર્તિકેય :** ના, એમને મેં કહી જોયું તો તેમણે કહ્યું : મને ઇચ્છા થશે ત્યારે મંત્ર લઇશ.

**પૂ. શ્રી :** તો પછી રાહ જુઓ, ઉતાવળ ન કરો. કોઇપણ જીવને પ્રભુપંથે વાળવો એ ધીરજનું કામ છે. એમાં ઉતાવળ ન ચાલે.

ત્યારબાદ સંજય નામનો નાનકડો બાળક છે તેને પૂ. શ્રી પૂછે છે : મંત્રજપ કર્યા?

**સંજય :** વાર લાગે છે. મંત્ર લાંબો છે ને!

**પૂ. શ્રી :** એને બદલે બીજો લેવો છે?

**સંજય :** તમે આપ્યો એટલે ગમવો જ જોઇએ ને!

**પૂ. શ્રી :** ના, એવું નથી. તમને કોણ ગમે છે?

**સંજય :** મંદિરમાં જવાનું થાય પણ પ્રણામ કરવાનું ગમતું નથી. પણ ગાયત્રીનો નાનો ફોટો હોય તો પ્રણામ કરવાનું ગમે.

**પૂ. શ્રી :** તો પછી ગઇકાલે ગાયત્રીમંત્ર નાનો કર્યો હતો. આજે તે હજી નાનો કરીશું.

(એમ કહી સૌ વિદાય થયા પછી પૂ. શ્રીએ તે સંજય નામના નાનકડા બાળકને નીચે મુજબનો નાનો મંત્ર આપ્યો.)

ૐ ભર્ગો દેવસ્ય ધીમહિ, ધિયો યો નઃ

ૐ ભર્ગો દેવસ્ય ધીમહિ, ધિયો યો નઃ

ત્યારબાદ પૂ. શ્રી ભોજન લેવા બેઠા છે. સામે બે પાટલા ને એક પાટલા ઉપર પોતે બેસે છે. સામેના એક પાટલા પર ભોજનની ખાલી થાળી, વાડકી, ચમચી, ડીશ વગેરે મૂકે છે. પછીનો બીજો પાટલો હોય છે તેના ઉપર નાના નાના વાસણોમાં ભોજનની સામગ્રી મૂકી હોય છે. પૂજ્ય શ્રી પોતે જ એક–એક વાસણ ઉઘાડી પોતે જ પીરસે છે. પોતે ભોજન કરે અને ભોજન કરાવે. (સર્વેશ્વરી પણ એમની સાથે જ ભોજન લે છે.)

ભોજન બાદ આરામ. ત્રણ વાગ્યે મણિનગર પૂ. શ્રી પોતાના બેનને ત્યાં મળવા જાય છે. ત્યાં થોડી સામાન્ય વાતો કરી ૫–૩૦ વાગ્યે પૂ. શ્રી ત્યાંથી આવવા નીકળે છે. શ્રી બાબુભાઇ વોરા અને સર્વેશ્વરી પણ સાથે જ જાય છે, ને આવે છે. બરાબર સવા છ વાગ્યે ઉતારા પર આવી જવાય છે, સાંજે નવા નવા મુલાકાતીઓ આવે છે. પ્રશ્નો શરૂ થાય છે.

**પ્રશ્ન :** રમણ મહર્ષિને કોઇ શિષ્યો ન હતા?

**પૂ. શ્રી :** રમણ મહર્ષિ ઘણીવાર કહેતા કે શિષ્ય બનવું હોય તે કામ શિષ્યોનું છે. શિષ્ય થવું ઘણું અઘરું છે. જેમ બારી ઉઘડે તેમ, દિલનાં બારણાં ગુરુ પ્રત્યે ઉઘાડવાં પડે. અતૂટ શ્રદ્ધા, વહેમ કે શંકા નહીં. જે કરવાનું છે તે શિષ્યે જ કરવાનુ છે.

રમણ મહર્ષિએ આધુનિક ઢબે કોઇ શિષ્યો કર્યા ન હતાં, છતાં ઘણા એવા માનવો હતા જે તેમની પાસેથી પ્રેરણા મેળવતા. તેમને



જ ગુરુ તો શું, ભગવાન માનતાં.

રમણ મહર્ષિ થોડું જ બોલતા, પણ અમારા હિમાલયમાં શ્રી કૃષ્ણાશ્રમ મહારાજ થઇ ગયા. તે મૌન જ રાખતા. પરાળ કે ઘાસ પર અર્ધપદ્માસન વાળી નગ્ન જ બેસી રહેતા.

એક ભાઇ કૃષ્ણાશ્રમને જોવા ગયા. શ્રદ્ધા ન હતી. જોવા ખાતર જોવા ગયા. તેનું ચારિત્ર્ય કેવું છે તે અંગે કૃષ્ણાશ્રમે ઇશારો કર્યો. ખૂબ શ્રદ્ધા થઇ ગઇ. ફોટાઓ પાડયા. મને પણ આવીને બતાવ્યા. દિવાન ખંડમાં એમના જ ફોટા મૂક્યા, પણ છ માસ પછી તે ગુરુના ફોટા કાઢી નાંખ્યા. મારી પાસે આવ્યા. મને કહે "કૃષ્ણાશ્રમમાં કંઇ પાણી નથી. કેમ? મોદીનગરમાં તેઓ આવ્યા ત્યારે મેં મારે ઘરે પધરામણી માટે કહ્યું, તો તેમણે ના પાડી.

તો મેં કહ્યું. "ગુરુ, સંત, મહાત્મા કંઇ કોઇના બંધાયેલા છે? એમને ન આવવું હોય તો ન પણ આવે. કેમ? એટલે કહું છું. ગુરુ તો ઝટ થાય પણ સાચા શિષ્ય થવું અઘરું છે. સાચા શિષ્યે ગુરુને અનુકૂળ થવું પડે. આપણે આદર્શ શિષ્ય થઇ જવું પછી ગુરુ ગમે ત્યાંથી આવશે જ. પ્રભુ જ ગુરુ બનીને આવશે."

**પ્રશ્ન :** તુકારામ સદેહે સ્વર્ગે ગયા તે સાચું?

**પૂ. શ્રી :** સંતપુરુષો માટે કંઇ અશક્ય નથી. નાનક, કબીર, મીરાંબાઇ, શ્રીકૃષ્ણ માટે એવું કહેવાય છે. આપણે સદેહે ગયા કે નહીં એની સાથે કશો સંબંધ નથી, પણ તુકારામની ભક્તિ, તુકારામનો વૈરાગ્ય જ કામનો છે. આપણે તો પ્રભુ પાસે એ જ પ્રાર્થના કરવાની કે જે પ્રાર્થના તમને સંભળાવું છું : (એમ કહી અમીત પાસે નોટ મંગાવે છે)–

મારાં અંતરમાં અંધાર ભર્યા, એને દૂર કરી દો હે ભગવન્,
મારાં અણુઅણુમાં અંધાર ભર્યા, એને દૂર કરી દો હે ભગવાન્.

—આ પ્રાર્થના ખૂબ પ્રેમથી ગવડાવી અને કહ્યું : અંતરના અંધાર દૂર થઇ જાય એટલે દિવ્ય વાણી ને દિવ્ય કાન થઇ જાય. સૌમાં પ્રભુદર્શન થાય.

ત્યાં તો એક ભાઇએ પૂછ્યું : ગઇકાલે તમે ગવડાવેલી—એક લીટી—તે પ્રાર્થના સંભળાવોને?

**પૂ. શ્રી** : ઇશુએ કહ્યું છે : જ્યાં સુધી ન ખુલે ત્યાં સુધી બારણે ટકોરા મારો, પણ અમે તો કહીએ અમારામાં તો બારણાં ઉઘાડવાની પણ શક્તિ નથી. એમ કહી પ્રાર્થના ગવડાવવી શરૂ કરી:

"બારણાં ઉઘાડીને અંદર આવી શકું ના,
તમે તો ઉઘાડો બારણાં,
તમારાં તમે તો ઉઘાડો બારણાં."
મારા દિલનાં બારણાં તમે જ ઉઘાડો.
વાસનાની ભોગળો વાસી, અનુષ્ઠાનો, તપ, તીર્થ,
સત્સંગ, ઉપવાસો ઘણાં કર્યા, પણ....
"ખોલી ખોલીને થાક્યો
ખોલી શક્યો ના તોયે"
(ભક્ત બિનશરતી સમર્પણ કરે છે)
"શક્તિ ના એવી મારી,"
અનુગ્રહની આશા જ બાકી છે. પ્રયત્નો તો પૂરાં
કર્યા, વધારે પ્રયત્નમાં પણ શ્રદ્ધા નથી.
"અનુગ્રહની આશા ભારી...
પાણી પીવાયે કેમે ના..."



આ રીતે દરેક પંક્તિ ગવડાવી, તેને સમજાવી ભક્તોને આનંદ કરાવ્યો. ત્યારબાદ સૌ વિદાય થયા.

પૂ. શ્રી ખીચડી ને દૂધનું ભોજન લે છે, એમની સાંજની ભોજનની સેવા શ્રી નરેન્દ્રભાઇનો પરિવાર કરે છે. તેમનાં ધર્મપત્ની દમયંતીબેન, બાળકો, તેમનાં બેન રંજનબેન, વળી મોટાંબેન કુસુમબેન, તેમના પતિ ને બાળકો સૌ દરરોજ અહીં આવે છે. પૂ. શ્રીની દરેક પ્રકારની સગવડ સાચવવા તેઓ સૌ તૈયાર જ હોય છે. દરરોજ સાંજે ઘરેથી ખીચડી બનાવીને આવી પહોંચે છે. પૂ. શ્રી બ્રાહ્મણના હાથની રસોઇ ખાવાનો નિયમ પાળે છે. એટલે એ રીતે દરેક સ્થળે વ્યવસ્થા થઇ જાય છે. અહીંનું સાંજનું ભોજન પૂ. શ્રીને ઘણું અનુકૂળ આવી ગયું છે.

રાત્રે ફોનથી વડોદરા શ્રી જીતુભાઇને ખબર કરવામાં આવે છે કે વડોદરામાં તોફાન હોય તો કાલે અહીં પૂ. શ્રીને લેવા આવવાનું જોખમ કરશો નહીં. (પૂ. શ્રીની એવી સૂચના હતી)

ત્યારબાદ આરામ. હરિઃ ૐ (ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત—૩૯૫ ००૭

# સ્વામી રામ એક મહાન વ્યક્તિત્વ

પરમાર્થી

બરાબર બપોર પછી અઢીથી ત્રણ વાગે અમારી મોટર ધી હિમાલયન ઇન્ટરનેશનલ યોગ સંસ્થાના કમ્પાઉન્ડમાં આવી પહોંચી ત્યારે બહાર કોઇ માણસ જણાતું ન હતું. અમારા સંઘમાં જાણીતી વ્યક્તિ તો શ્રી નરેન્દ્ર નાણાવટી અને તેમનાં ધર્મપત્ની ધીરજબહેન નાણાવટી જ હતાં. સ્વામી રામનું ઘણું સાહિત્ય વાંચવાની મને તક મળી હતી એટલે તેમના અક્ષરદેહથી તો હું પરિચિત હતો જ. એટલું જ નહીં પણ મારા હૃદયમાં તેમને માટે અહોભાવ પણ હતો. જન્મે ભારતીય છતાં અમેરિકામાં આવીને ભારતદેશની પ્રતિષ્ઠા વધારનાર વિવેકાનંદ, પરમહંસ યોગાનંદ, ભક્તિવેદાંત મહારાજ, સ્વામી રામતીર્થ, મહાત્મા યોગેશ્વરજી અને સ્વામી રામ જેવા સંતોનાં દર્શન કરવાની કોને ઝંખના ન હોય? જ્યારે પૂ. મા સર્વેશ્વરીની આજ્ઞા શ્રી નાણાવટી દ્વારા થઇ ત્યારે સાંભળીને મારું અંતર નાચી ઊઠયું હતું. પૂ. માને મેં કદી મારી ઇચ્છા જણાવી ન હતી. છતાં તે કેવી રીતે જાણી ગયાં હશે તે એક સમસ્યા છે. ભારત જતી વખતે મને સ્વામી રામનાં દર્શને લઇ જવાની સૂચના પૂ. માએ જણાવેલી, તેનાં સાક્ષી સરોજ-બહેન પણ હતાં. પૂ. મા પ્રત્યેક બાળકની ટેવ જાણતાં હોય છે. કયા બાળકને શું ભાવે છે અને કોને કયી ઔષધિ ક્યારે આપવાની છે તેની કાળજી પણ પૂ. મા રાખ્યાં કરે છે અને ઉજળા ભાવિ તરફ જ બાળક પગરણ માંડે તેવી ઝંખનાથી જ તેઓ કાયમ ચિંતિત રહે છે, તેની પ્રતીતિ થયા વિના અમને રહી નહીં.



સ્વામી રામનાં દર્શન કરવા આતુરતાથી અમે ગાડીમાંથી નીચે ઊતરી તો પડયાં પણ ત્યાં જ એક બહેન સામે મળી ગયાં. તેણે નિરાશાજનક સૂરમાં વાત જણાવી. તે બહેન સવારથી ભૂખીતરસી સ્વામીજી પાસે આવીને રાહ જોતી ઊભી હતી. તેણે ઓફીસમાં જઇને તપાસ પણ કરી હતી. તેનું કહેવું હતું કે આજે સ્વામીજી કોઇને પણ મળી શકશે નહિ એવું ઓફીસના અધિ-કારીએ જણાવ્યું હતું. સાંભળીને અમે સૌ નિરાશ થયાં હતાં. પરંતુ ધીરજબહેન આ સંસ્થાથી પરિચિત હતાં. તે ઘણીવાર પહેલાં પણ આવ્યાં હતાં તેથી કેટલાક અધિકારીઓનો પણ અલ્પ પરિચય હતો. તેથી તેઓ સાચેસાચ તપાસ કરવા અંદર ગયાં હતાં. પ્રથમ તબક્કે તો તેમને પણ એમ જ કહી દેવામાં આવ્યું હતું કે સ્વામીજી પોતાના કામમાં વ્યસ્ત છે એટલે આજે મુલાકાત શક્ય નથી. પણ નામ ધીરજબહેન. ધીરજ ગુમાવ્યા વિના તેમણે થોડા વધારે અંદર જવાનો પ્રયત્ન કર્યો હતો. સદ્‌ભાગ્યે સ્વામીજી કોઇ કારણસર રૂમમાંથી બહાર નીકળ્યા હતા. તેમણે ઝડપથી તેમની પાસે જઇ નમસ્કાર કરી 'ગુજરાતથી પ્રવાસીઓ આવ્યા છે' એવા સમાચાર આપ્યા હતા. સ્વામીજીએ તરત જ પ્રત્યાઘાત આપતા જણાવ્યું હતું કે "હમકો સંકેત પહેલે સે હિ મિલ ગયા હૈ—સબકો અંદર લેકે જલદી આવો."

શુભ સમાચાર લઇ તરત જ ધીરજબહેન ઉતાવળે આવ્યાં હતાં ને અમને સૌને અંદર લઇ ગયાં હતાં. અમે કુલ દસ જણાં હતાં. નાની રૂમ ભરાઇ ગઇ હતી. અમે સૌ નમસ્કાર કરી નીચે બેસી ગયાં હતાં ને સ્વામીજી ખુરશી પર બિરાજમાન હતા. સ્વામીજીના શબ્દો અમારા મનમાં વીજળીના જેવો ઝબકાર કરી ગયા. "સંકેત પહેલે સે હિ મિલ ગયા હૈ" એ શબ્દો પાછળનું

રહસ્ય શું હોઇ શકે? કોણે સંકેત મોકલ્યો હશે? શું તે પૂ. માનો સંકેત હશે? પૂ. મા તો વિમાનમાં જવા ગઇકાલના રવાના થયાં હતાં! તેઓ અમેરિકામાં બે દિવસથી ગેરહાજર હતાં. તેમણે ચિઠ્ઠી લખીને પણ સંકેત મોકલ્યો હોય તો કોની સાથે ચિઠ્ઠી મોકલી? અમારી કોઇ પાસે તો ચિઠ્ઠી હતી જ નહીં. ખરેખર સ્વામીજીના શબ્દો કોઇ ગુપ્ત રહસ્ય પ્રગટ કરનારા હતા, પણ અમે સૌ તે રહસ્યને જાણી શક્યા ન હતા. અમારા હૃદયમાં તો માત્ર કોઇ ગૂઢ રહસ્યાત્મક ઘટના જરૂર ઘટી એવી ઘેરી છાપ પડી.

સ્વામીજી પ્રથમ નજરે મધુરભાષી લાગ્યા. ઝીણી નજરથી સૌની તરફ દૃષ્ટિપાત કર્યો હતો. અમારામાંથી ત્રણ ચાર જણને દરેકનો સ્વભાવ પરખી લઇને જુદી જુદી સૂચનાઓ દરેકને આપી હતી. અમારી સાથે ચિ. દક્ષા પણ હતી. તેને તરત જ કહ્યું હતું કે તું કાંઇ ખાતી જ નથી. લોહીમાં ફીકાશ વધારે પડતી છે. પાણીનો ભાગ વધુ છે. યુવાનીમાં તંદુરસ્ત ને મજબૂત બનવું જોઇએ. એ જ રીતે પેલી અજાણીબેનને પણ કહેવા જેવું કહી નાંખ્યું હતું. ધીરજબહેને પણ જરૂરી સૂચનાઓ આપી હતી. મારા તરફ નજર કરી સદ્‌ગુરુ કબીર સાહેબ અંગે થોડી વાતો કરી હતી. કબીર સાહેબની મહત્તા આજે પણ ઘટી નથી બલકે વિશેષ થઇ છે. તેમના જેવા સંત ભારતમાં ફરીવાર ક્યારે થશે તે શું કહેવાય? એવું બોલતાં બોલતાં તેઓ ઊભા થયા હતા અને બાજુમાં કબાટ પાસે જઇ તેમાંથી એક પુસ્તક કાઢયું હતું. તે પુસ્તક તેમણે જ તૈયાર કર્યું હતું. તે અંગ્રેજી ભાષામાં હતું. તેનું નામ, The Mystical Poems of kabir, હતું. તેમણે તે પુસ્તક સૌ આશ્ચર્ય વચ્ચે મને આપ્યું હતું. મને ખૂબ આનંદ થયો હતો. મેં તરત જ તેમની સહી પણ કરાવી લીધી હતી.



તેમને સમય ન હતો તેથી અમે વારાફરતી નમસ્કાર કરી વિદાય થયા હતા. મેં જ્યારે નમસ્કાર કર્યા હતા ત્યારે તેમણે માથા પર વરદ હસ્ત મૂકીને સરસ આશીર્વાદ આપ્યો હતો. મારું અંતર આનંદથી નાચી ઊઠયું હતું. આખી યે ઘટના પાછળ પૂ. મા સર્વેશ્વરીની કરુણા કામ કરતી અમે અનુભવતા હતા. સ્વામીજીના પેલા શબ્દોમાં પણ આડકતરી રીતે તેવું જ વ્યક્ત થયું હતું એમ મને લાગતું હતું. સંતો જાણે કે એકમેકનું કામ કરતા હોય અને અમારા જેવા સામાન્ય આગંતુકને ગુપ્તતાના પાઠ પણ જાણે કે ભણાવતા હોય તે જોઇને ને જાણીને કોને આશ્ચર્ય ન થાય?

અમે ફરીને આમ તેમ જોતાં હતાં તેવામાં સ્વામીજી ખુદ ટેનીસ રમવાના મેદાનમાં પહોંચી ગયેલા અમે દીઠા. એટલે અમે સૌ સ્વામીજીની રમત નિહાળવા નજીક ગયા હતા. લગભગ સિત્તેરની ઉંમર થઇ છતાં સ્વામીજી તંદુરસ્ત અને કસાયેલા શરીરવાળા હતા. લગભગ અરધો કલાક એકધારું સરસ રીતે ટેનિસ રમ્યા પછી નાના નાના બાળકોની સાથે વ્હાલથી વાતો કરવા લાગ્યા હતા. દરેકને કાંઇને કાંઇ આપતા જતા હતા. બાળકોને સ્વામીજી ખૂબ ગમતા હતા તે સ્પષ્ટ જણાય આવતું હતું. બાળકો ત્યાંના રહેવાસી નહોતાં. બહારથી પણ અમારી માફક વડીલો આવ્યા હતા તેમની સાથેના પણ કેટલાંક બાળકો હતાં. ફરતે ડુંગરો હતા. સૂર્ય અસ્ત થઇ રહ્યો હતો. એટલે અંધારું પ્રસરી જવાની તૈયારી થાય તે પહેલાં અમે સૌ ગાડીમાં ગોઠવાઇ ગયા હતાં.

સ્વામીજી જેવા વિચારેલા તેવા જ દેખાયા. તેથી હૃદયમાં ખૂબ સંતોષ પણ હતો. સ્વામી રામ ખરેખર આધુનિક યુગના એક મહાન યોગી, તત્ત્વજ્ઞ મહાપુરુષ, માનવતાવાદી અને ભારત માતાનું નામ રોશન કરનાર વિશ્વના શ્રેષ્ઠ આધ્યાત્મિક જ્યોતિર્ધર

લાગ્યા. તેઓ અસામાન્ય વ્યક્તિત્વ ધરાવતા સંત હતા. તેઓ માત્ર યોગમાં જ કુશળ હતા એવું નહોતું. તેમણે તો પરદેશમાં આવી મેડીકલ વિજ્ઞાનનો પણ અભ્યાસ કર્યો હતો અને સંપૂર્ણ જાણકારી પ્રાપ્ત કરી હતી. કહેવાય છે કે પશ્ચિમના બુદ્ધિવાદી વૈજ્ઞાનિકોને યોગ વિશેની માન્યતા બદલવી પડી હતી. યોગને તેઓ માત્ર જાદુ કરનાર તંત્ર માનતા હતા. તે લોકોને યોગ પણ એક વ્યવસ્થિત વિજ્ઞાન છે એવું શીખવનાર સ્વામી રામ હતા. ઘણા બધા ડોક્ટરોની તપાસ વચ્ચે તેમણે યોગીપુરુષ સંકલ્પથી હૃદય પણ બંધ કરી શકે છે તે સાબિત કરી આપ્યું હતું. માનસશાસ્ત્રમાં તેઓ નિષ્ણાત હોવાથી ધર્મ ને તત્ત્વજ્ઞાનની વાતો સહજ રીતે સમજાવી શકતા હતા. તેમનો પ્રભાવ અહીંના બુદ્ધિજીવીઓ પર સારા પ્રમાણમાં જણાતો હતો.

તેઓ ઇ. સ. ૧૯૪૯ થી ૧૯૫૨ સુધી દક્ષિણભારતમાં આવેલ કરવીરપીઠમ્‌ની ગાદી પર જગદ્‌ગુરુ શંકરાચાર્યના માનવંતા પદે રહી ચૂક્યા હતા. પરદેશમાં તો પોપના જેટલું જ તે પદ મહત્ત્વનું ગણાય છે. તે પદ પર આરૂઢ થનાર વ્યક્તિ માનાર્હ ને પૂજનીય ગણાય છે. તેવા પદ પર પણ તેઓ વધુ રહી શક્યા ન હતા કારણ કે તે પદ પણ આત્મિક વિકાસમાં બાધા ઉત્પન્ન કરનારું લાગ્યું હતું. તે પદ છોડીને હિમાલયની ગુફાઓમાં ફરીથી ચાલ્યા ગયા હતા. એમ તો નાનપણથી જ તેમને હિમાલયની ગોદમાં રહેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. પિતાના પોતે એકના એક બાળક હોવા છતાં પિતાએ તેમને સંતને સોંપી દઇને પ્રાણત્યાગ કર્યો હતો. સમર્થ સંતને હાથે ઘડાયા હતા અને મોટા થયા હતા. સમર્થ ગુરુની છાયામાં રહીને ભારતીય ધર્મ ને તત્ત્વજ્ઞાન તેમ જ યોગનો તલસ્પર્શી અભ્યાસ કરવાની તક સાંપડી હતી. સદ્‌ગુરુના કૃપાપાત્ર શિષ્ય બની જઇ આધ્યાત્મિક ક્ષેત્રે ઉચ્ચોચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શક્યા હતા.



ત્યારપછી તો વિશ્વની મોટી મોટી યુનિવર્સિટીઓ તેમને વ્યાખ્યાન માટે આમંત્રતી રહી હતી. ઇ. સ. ૧૯૬૯ માં અમેરિકામાં આવીને સ્થાયી થયા તે પહેલાં તેમણે જાપાનમાં યોગનું શિક્ષણ આપ્યું હતું. અહીં આવીને તેમણે પેન્સીલવેનિયાના હોનેસ્ડેલમાં ૪૩૨ એકર જમીન હસ્તગત કરી એક વિશાળ સંસ્થાની સ્થાપના કરી હતી. ત્યાં નિયમિત રીતે યોગનો અભ્યાસક્રમ શીખવવામાં આવે છે. દરેક માનવ પોતે કોણ છે ને કેટલો શક્તિશાળી છે તે પ્રથમ જાણી લે તો તે દેશનો સારામાં સારો નાગરિક બની શકે એવા દૃષ્ટિબિંદુથી ત્યાં શિક્ષણ આપવામાં આવે છે. તેથી ત્યાં સંશોધનાત્મક કાર્ય પણ ઉમદા પ્રકારે ચાલી રહ્યું છે. તેમણે અનેક પુસ્તકો અંગ્રેજીમાં લખ્યાં છે અને તેમાં સૌથી વધારે લોકપ્રિય પુસ્તક થઇ પડયું હોય તો તે છે Living with the Himalayan Masters. સ્વામી રામ ભારતથી આવેલા એવા એક સમર્થ સત્પુરુષ છે કે જેમણે આધ્યાત્મિક અનુભવોથી સુસંપન્ન થયા પછી જગતના મંચ ઉપર આવીને ભારતીયધર્મને તત્ત્વજ્ઞાનની શાન વધારી છે. તેવા વંદનીય મહાપુરુષનાં દર્શન કરવાની પ્રેરણા પૂરી પાડનાર પૂ. મા સર્વેશ્વરીનાં ચરણોમાં હજાર હજાર ને લાખો પ્રણામ. આખરે મને ભેટ આપેલ પુસ્તક ખોલતાં જ ૧૦૨ ના પાના પર સદ્‌ગુરુ કબીર સાહેબની પંક્તિઓ ખૂબ ગમી ગઇ તેથી તે ટાંકીને વિરામ લઇશ:

Fatigue From reading too many pages
Never makes men reatised sages.
But once the meaning of love is known,
The highest wisdom then is shown.

### શ્રી યોગેશ્વર એમ્બ્યુલન્સ વાનનો

# અર્પણ સમારંભ

તંત્રી

શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી શ્રી યોગેશ્વર એમ્બ્યુલન્સ વાનને શ્રી સદ્‌વિચાર પરિવારના પ્રતિનિધિ શ્રી હરિભાઇ પંચાલને અર્પણ કરવાનો ખાસ સમારંભ તા. ૪–૬–૯૪ ના રોજ, અમદાવાદ સિવિલ હોસ્પીટલના કીડની ઇન્સ્ટીટયુટના ઓપન એર થિયેટર ખાતે યોજાયો. આ મંગલ કાર્ય યોગસાધન આશ્રમના સેવાભાવી સંત શ્રી મનુવર્યજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. તેઓએ આ એમ્બ્યુલન્સની ચાવી, શ્રી બાબુભાઇ વોરા (મેનેજીંગ ટ્રસ્ટી, સર્વમંગલ ટ્રસ્ટ) પાસેથી લઇ, ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી કરસનદાસ સોનેરીને સુપ્રત કરી, જેઓએ શ્રી હરિભાઇ પંચાલને સેવાયજ્ઞ માટે અર્પણ કરી.

આ સમારંભની સાથે કીડની ઇન્સ્ટીટયુટના નિયામક શ્રી ડો. એચ. એલ. ત્રિવેદીના સ્ટાફ તરફથી ગરીબ કીડની દર્દીઓની સેવા માટે એકત્રિત કરાયેલ રૂા. ૫૧ લાખનો ચેક પણ હોસ્પીટલના કીડની દર્દી સેવા નિધિને આરોગ્ય મંત્રીશ્રીના હાથે સુપ્રત કરવામાં આવ્યો હતો. આ ઉમદા કાર્ય પાછળનો મંગલ હેતુ ગરીબ કીડની દર્દીઓને પણ સંપન્ન લોકોની જેવી જ સારવાર ઉપલબ્ધ કરાવવાનો છે.

આ પ્રસંગે લોક ગાયક શ્રી પ્રફુલ્લ દવેના ડાયરાનું પણ ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. આ કલાકાર વૃંદે વિના પુરસ્કાર



આ કાર્યક્રમ આપી, આવા માનવતાવાદી કાર્યોમાં પોતાનો ફાળો આપી સેવાનું સરસ ઉદાહરણ પૂરું પાડયું હતું. ખ્યાતનામ હાસ્ય કલાકાર શ્રી શાહબુદ્દીન રાઠોડે પણ સુંદર હાસ્યરસ પીરસી, ઉપસ્થિત મેદનીનું મનોરંજન કર્યું હતું.

શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ વતી શ્રી નારાયણભાઇ જાની, (તંત્રી અધ્યાત્મ)એ પ. પૂ. યોગેશ્વરજીનો ટૂંકમાં પરિચય આપ્યો હતો, જ્યારે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની સાધનાનો શ્રી ઈશ્વરભાઇ ભક્તે ટૂંકમાં ખ્યાલ આપ્યો હતો.

આ એમ્બ્યુલન્સ વાન તૈયાર કરવા પાછળ ટ્રસ્ટે લગભગ રૂા. અઢી લાખ જેટલો ખર્ચ ઉઠાવ્યો છે.

શ્રી હરિભાઇ પંચાલે ટ્રસ્ટનો ખૂબ અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. ખાસ કરી શ્રી બાબુભાઇ વોરા તરફથી જે ઉત્સાહપૂર્વકનો સાથ સહકાર સાંપડયો તે બદલ ઊંડી કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી.

મંત્રીશ્રીએ પોતાના ટૂંકા વક્તવ્યમાં ટ્રસ્ટની આ પ્રકારની લોકસેવાની પ્રવૃત્તિને બીરદાવી હતી, તેમ જ કીડની ઈન્સ્ટીટયુટના નિયામક ડો. ત્રિવેદીને આધુનિક યુગના ઋષિ લેખાવ્યા હતા તથા શ્રી હરિભાઇ પંચાલની મૂક લોકસેવાની પ્રવૃત્તિઓની સરાહના કરી હતી.

ડો. ત્રિવેદીએ પણ કીડની ઇન્સ્ટીટયુટની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપી જણાવ્યું હતું કે સેવાની પ્રવૃત્તિ પાછળનો હેતુ જો શુદ્ધ હોય તો સાધન તેને માટેનાં સાંપડી જ રહે છે. તેવો પોતાનો અનુભવ વર્ણવ્યો હતો. આવતા ઓગસ્ટ સુધીમાં બીજા રૂા. ૫૦ લાખ આ હેતુ માટે ભેગા કરવાનો પોતાનો સંકલ્પ તેઓએ જાહેર કર્યો હતો.

આ સમારંભમાં જ બીજાં સાડાત્રણ લાખનાં દાન કીડની ઈન્સ્ટીટયુટ માટે જાહેર થયાં હતાં.

સ્વામી મનુવર્યજીએ પોતાના ભક્તિભાવપૂર્વકના પ્રવચનમાં સર્વભૂત હિતે રતાઃની ભાવના સદ્વિચાર પરિવાર તરફથી આચરવામાં આવી રહી છે, તે બદલ ખુશી વ્યક્ત કરી હતી. તેઓએ વિશેષમાં ઉમેર્યું હતું કે સર્વમંગલ ટ્રસ્ટે આ એમ્બ્યુલન્સ એક સાચા સંતપુરુષના નામે આપી, પરિવારની લોકસેવાની પ્રવૃત્તિઓને ભારે ટેકો આપ્યો છે. તે બદલ ટ્રસ્ટના સંચાલકો–ખાસ કરી મા શ્રી સર્વેશ્વરી અભિનંદનનાં અધિકારી છે.

લોકડાયરાની મઝા મોટી સંખ્યામાં એકત્રિત થયેલ લોકોએ મોડી રાત સુધી માણી, કલાકારોને સરસ દાદ આપી હતી.

શ્રી હરિભાઈ પંચાલે આભારવિધિ કરી હતી.

o

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦



પૂ. ગુરુદેવની

# અણધારી સહાયની અનુભૂતિઓ

પ્રો. સી. કે. શાહ

૧. હું અને સાધક ભાઈ શ્રી સી. બી. મહેતા તે સમયના કુલસચિવને મળવા ગયા. અમે તેઓને વિનંતિ કરી કે મહાત્માજીનાં વ્યાખ્યાનોની શ્રેણી આપણે ગુજરાત યુનિવર્સિટીમાં ગોઠવીએ તો વિદ્યાર્થી આલમને માર્ગદર્શન અને દિશા મળે.

પરંતુ તેઓ કયા વિષય ઉપર વ્યાખ્યાન આપશે? સંવાદ થયો.

"પાતંજલ યોગદર્શન ઉપર"–અમે કહ્યું.

"ના, ના. એ વિષય અમારા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસક્રમમાં છે ખરો?"

હવે શું જવાબ આપવો? એક ક્ષણ તો અમે મૂંઝાયા. ત્યાં અચાનક સ્ફુર્ણા થઈ, એટલે અમે ભાષાસાહિત્ય ભવનમાં ગયા. નિયમ પ્રમાણેનો માર્ગ તો કાઢવો જ રહ્યો. તે સમયના સંસ્કૃતના પ્રાધ્યાપકશ્રીને વિનંતિ કરી, કોઈ માર્ગ કાઢવા. તેઓએ અચાનક જ ઉભા થઈ સીલેબસનું પુસ્તક મને આપ્યું, અને મેં જેવું એ ઉઘાડયું ને પાનું ખોલ્યું તો ત્યાં છાપેલું હતું:–

"યોગદર્શન–મહર્ષિ પતંજલીનું"... માની જ ન શકાય એવી એ વાત હતી. મને આંખે અંધારા આવી ગયાં. અમે જે અનુભવી રહ્યા છીએ તે શું સત્ય છે? ઘડીભર મૌનનું સામ્રાજ્ય ફેલાયું શબ્દો શાન્ત થઈ ગયા, અમારા હોઠ મરકતા હતા, પરંતુ વાચા બંધ થઈ ગઈ. અમારી આંખોમાં હર્ષનાં આંસુ ઉભરાઈ આવ્યાં. હું

એ બુક બગલમાં દબાવી દોડયો. શ્રી મહેતા સાહેબ પણ પાછળ રહી ગયા. તે પુસ્તિકાનું ખોલેલું પાનું લઇ જઇ શ્રી કુલસચિવ-શ્રીને અમે બતાવ્યું. તો તેઓ પણ ક્ષણભર ભાવવિભોર બની ગયા. તેઓએ ગદ્‌ગદ કંઠે કહ્યું. "અમે અમારાં બોર્ડ ઓફ્ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝના ઉપક્રમે પાતંજલ યોગદર્શન ઉપર પાંચ દિવસની વ્યાખ્યાન શ્રેણી જરૂરથી યોજશું.

આમ મેં ન કલ્પેલી અનુભૂતિ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ ફેબ્રુ. ૧૯૮૪ માં કરાવી.

૨. એવો જ એક બીજો અણધારી સહાયની અનુભૂતિનો પ્રસંગ. અમારા ગુજરાત યુનિવર્સિટીના માયાળુ અને મમતાળુ ડો. ભટ્ટે મને બોલાવીને–University Health centreમાં જણાવ્યું કે મારાં પત્ની ચંદ્રકાન્તાબહેનને છાતીનું કેન્સર થએલ છે. ગાંઠ મોટી છે અને હું તમને હોસ્પીટલમાં ભલામણ પત્ર આપું છું. તે લઇને તમે એક પળનો પણ વિલંબ કર્યા વિના તાત્કાલિક સારવાર શરૂ કરી દો.

અમે હોસ્પીટલમાં ગયા. તો મારાં પત્ની તેમના નિત્યનિયમ પ્રમાણે શાંતિથી મહાત્માજીની માળા કરતાં હતાં. વિશાળ લાઇનમાં ઉભા રહેલાં અને એક પછી એક પરિક્ષણ કરાવવાનો કાર્યક્રમ અઠવાડીઆ સુધી ચાલ્યો. રોજ સવારે આઠ વાગે જવાનું અને બપોરે બે વાગે આવવાનું. હું તો થાકીને લોથપોથ થઇ ગયો.

પછી અમારાં સહૃદયી પાડોશી ડો. વિભાબહેને અમને સમય-સરની સલાહ અને ચેતવણી આપી કે તમારે એક મિનિટનો પણ વિલંબ કર્યા વિના ઓપરેશન કરાવવું. તેઓ ડો. દેવન્દ્ર પટેલ પાસે એમને લઇ ગયાં. મારાં પત્ની હોસ્પીટલમાં દાખલ થયાં. બીજે જ



દિવસે ઓપરેશન કરવાની તારીખ મળી. મને મનમાં ઘણી જ મૂંઝવણ હતી. તૈયારી કરવાની મોટી યાદી પણ ડોક્ટરે આપી. પરંતુ મારે શું કરવું અને શું ન કરવું તેની વિમાસણમાં હું હતો.

તેવામાં અણધાર્યા અને અચાનક જ અમારાં એક સાધક બહેને દર્શન દીધાં. તેઓએ કહ્યું, "કાંઇ ચિંતા કરવાની જરૂર નથી બધું જ હું સંભાળી લઇશ. મેં તેઓને ફોન પણ કર્યો કે તમારી વિવિધ અને જવાબદારીવાળી પ્રવૃત્તિમાંથી તમે આવશો નહિ. ધીરે ધીરે મારું કામ પાર પડી જશે. પરંતુ તેઓ માન્યાં જ નહિં. તેઓએ રાત્રે દવાખાનામાં સૂવાનું શરૂ કર્યું. દર્દીની માવજત કરતાં આવડવું તે પણ એક કપરી કળા છે. તેઓ મારાં પત્નીને દવા આપે, બાથરૂમમાં લઇ જાય, રાત્રે જાગે, પડખું ફેરવાવે અને પ્રેમથી સેવા કરે. એ પછી સવારે પોતાની શાળાએ જાય.

આ વાત કોઇનેય નહિં કરવાની તેઓએ મને સૂચના આપેલી. પરંતુ મહાત્માજીના પરિવાર પાસે આજે આ વાત મૂકવાનું મન થયું. વળી તેઓ પૂ. મા સર્વેશ્વરી પાસેથી સાકરનો પ્રસાદ લઇ આવ્યાં. પૂ. માએ સૂચના આપેલી કે આમાં જ નવી સાકર નાંખતાં રહેશો એટલે પ્રસાદી કાયમ જ રહેશે.

હું તેમનો ઉપકાર કેમ ભૂલું? તે સાધક બહેન તે આપણાં રંજનબહેન ઠાકર. □

**નાથ વચનામૃત**

વિવેકીઓ કોઇ દોષ કરતા નથી, ને પ્રારબ્ધકર્મના પ્રબલ-વેગથી કદી દોષ થઇ જાય તો તેઓ પોતાનો દોષ સ્વીકારવામાં લજ્જા પામતા નથી, કેમકે તેઓ સમજે છે કે થયેલો દોષ સ્વીકારવો એટલે કાલના કરતાં આજ હું અધિક સમજુ થયો છું એમ કહ્યા સમાન છે. **શ્રીનાથભગવાન્**

# અમૃતપળોનો આસ્વાદ-૧૧

કલ્યાણ

બે દિનના મહેમાન જેવું જીવન ચાલ્યું જાય છે. ક્યારે પૂરું થઇ જાય તે આપણા હાથની વાત નથી. પરંતુ આનંદની વાત એ છે કે આ બે દિનનું ટૂંકું જીવન પણ એક મહાન સૌભાગ્ય લઇને આવ્યું છે, કારણ કે તે ટૂંકા જીવનમાં પણ પૂ. મા પ્રત્યક્ષ મળ્યાં છે. બસ, એ શ્રી ચરણોમાં પ્રેમ જાગી જાય તો જીવન ઉત્સવમય બની જાય.

એ બે દિનમાં મળે તમારી,
દિવ્ય કૃપાની લ્હાણ;
સાધ્ય શેષ તો કૈંય રહે ના,
હો જીવન કલ્યાણ.

આ સૌરાષ્ટ્ર યાત્રામાં આપણે આવું બે દિનનું સૌભાગ્ય પામી રહ્યા છીએ, કારણ કે આ યાત્રામાં પૂ. માની દિવ્યદૃષ્ટિ સૌ પર ઢળતી રહે છે. આમ કરતાં કરતાં આપણું શિશ એ શ્રી ચરણોમાં સદાય ઢળી જાય અને એ પ્રકટપુરુષનો વરદ હસ્ત આપણાં મસ્તકો પર ફરતો થઇ જાય તો પછી જીવનમાં સાધ્યશેષ શું રહ્યું? પ્રકટ પરમ પુરુષની પ્રીતિ એક વખત પમાઇ જાય તો આ જીવનનું તો શું પણ મૃત્યુપર્યંતના અનેક જીવનોનું કલ્યાણ સધાય જાય!

એ પ્રકટપુરુષનો મહિમા જો આપણે જાણતા હોઇએ તો શા માટે તેનાથી દૂર રહીએ? ચાલો, જલ્દીથી એ દિવ્ય સાન્નિધ્યમાં



પહોંચી જઇએ. તા. ૧૪, એપ્રિલ '૯૨ નો વૈશાખ માસનો બળબળતો બપોર છે, પૂ. મા યાત્રિકો સાથે મેસવાણથી અહીં સોમનાથ ભગવાનના દર્શને પધાર્યાં છે. શ્રી સોમનાથ તીર્થસ્થાન તો જીવંત જ્યોતિર્લિંગનું પ્રાકટ્ય સ્થાન છે. આ સ્થાનમાં પૂ. શ્રી અને પૂ. માને ભગવાન સોમનાથની દિવ્ય અનુભૂતિઓ થઇ છે. એટલે માટે તો પૂ. મા લગભગ દર વર્ષે અહીં આવતાં રહે છે. ગયા વર્ષે ૭, જાન્યુ '૯૧ ના રોજ પણ પૂ. મા અહીં પધાર્યાં હતાં ભગવાન સોમનાથનાં દર્શન કરી પૂ. મા દરવખતની જેમ મંદિરના પ્રાંગણમાં જ્યાં હમીરજી ગોહિલનું સ્મારક છે ત્યાં વૃક્ષ નીચે ઓટાપર બિરાજ્યાં છે. સૌ યાત્રિકો પણ ત્યાં આવીને એ શ્રી ચરણે બેઠા છે. પૂ. મા પ્રસન્ન વદને સૌને પ્રસાદ આપતાં સૌને હસાવી રહ્યાં છે. એ દર્શન પામી ધન્ય બની જાય છે.

સોમનાથથી પૂ. મા સાથે સૌ પોરબંદર આવી પહોંચ્યા છે. આ પહેલાં પૂ. મા ૭ જાન્યુ. ૯૧ ના રોજ અહીં પધાર્યાં હતાં ત્યારે પોરબંદરના સમુદ્રકિનારે આવેલા સુંદર શાંત વિલા ગેસ્ટ હાઉસમાં ઉતર્યાં હતાં. પૂ. મા આ જીવનયાત્રાના ધ્યેયને એક ક્ષણ પણ વિસરતાં નથી. યાત્રામાં મુસાફરીથી થાક લાગે. અગવડો ભોગવવી પડે. તેથી આરામની જરૂર રહે, પરંતુ સત્સંગના ભોગે પૂ. માએ ક્યારેય આરામ કર્યો નથી કે પોતાની સાથે રહેલાં ભાવિકોને પણ સત્સંગ પ્રતિ જરાપણ ગાફેલ રહેવા દેતાં નથી. પ્રભુના ગુણગાન ગાવામાં જ આરામ અનુભવતાં પૂ. મા અહીં પણ રાત્રે એક વાગ્યા સુધી પ્રભુની વાતો કરતાં બેઠાં છે. પૂ. મા પોરબંદર પધારે અને ભાનુબેન તથા મનસુખભાઇને યાદ ન કરે એવું તો બને નહીં. સાચી વાત એ છે કે શ્રી ભાનુબેનના પ્રેમને વશ થઇ પૂ. મા અહીં આવ્યા વગર રહી શકતાં નથી.

પૂ. માના કેટલાંક એવા ભક્તો છે જેને માટે પૂ. માને દોડી આવવું ગમે છે, તેમાંનાં એક ભાનુબેન પણ છે. પૂ. શ્રી પોરબંદર પ્રવચનો માટે આવતા ત્યારથી શ્રી ભાનુબેનને પૂ. શ્રી પ્રતિ અનન્ય ભક્તિભાવ સહજ જ અંતરમાં ઉદ્‌ભવેલો! શ્રી ભાનુબેનના પૂર્વના સંસ્કારોને લીધે એ આધ્યાત્મિક અનુસંધાન આજપર્યંત પૂ. મા સાથે એટલી જ ઉત્કટતાથી સંધાયેલું છે. પૂ. માએ આજે શ્રી ભાનુબેન અને મનસુખભાઈને સાંજના સત્સંગમાં બોલાવવાથી અત્યારે આવ્યાં છે. ભક્તનું દર્શન પણ કરવા જેવું હોય છે! એ પ્રતીતિ શ્રી ભાનુબેનને મળીએ ત્યારે થયા વગર રહે નહીં. શ્રી ભાનુબેનને મળીએ એટલે ગોપીભાવ પ્રત્યક્ષ બની જાય! એમની વાણીમાં ગોપીપ્રેમ નીતરતો લાગે. આંખોમાં પણ એ દિવ્ય પ્રેમોન્માદ ઉછાળા મારતો લાગે. ચાલમાં, દર્શન ઘેલી ગોપીઓની તાલાવેલી સહજ જ જોવા મળે, તેમના પ્રત્યેક અંગમરોડમાં માતૃપ્રેમ જાણે ડોલી ઉઠે! મા મા ના મીઠા ટહુકારથી વૃંદાવન સમું તેમનું ગૃહમંદિર ગુંજી ઉઠે. જોતાંવેંત જ આપણું અંતર હરખી ઉઠે કે ગોપીભાવનો ઇજારો કંઇ કૃષ્ણાવતારનો જ નથી. શ્રી ભાનુબેનના દર્શન કરીએ ત્યારે આજે પણ એ જ ગોપીભાવ અને એ જ વૃંદાવન સાકાર થતાં લાગે! પૂ. મા જેવાં પરમપુરુષ જ્યારે જ્યારે આ ધરતી પર પ્રકટતાં રહે છે, ત્યારે ત્યારે દિવ્યપ્રેમની અનોખી સૃષ્ટિ રચાતી રહે છે. શ્રી ભાનુબેન જેવાં અનેકને હૈયે પૂ. માએ આવો દિવ્ય ગોપીપ્રેમ પ્રકટાવ્યો છે. દેશ પરદેશમાં પ્રેમભક્તિથી લચી પડતાં અનેક આવાં વૃંદાવનો આજે લહેરાતાં થયાં છે.

આજે અહીં આપણે સૌ આવા જ એક વૃંદાવનની યાત્રાએ આવ્યા છીએ. શ્રી ભાનુબેનના ભક્તિભાવમાં ભીંજાવાનું ભાગ્ય



સૌને મળ્યું છે. રાતના એક વાગ્યા સુધી શ્રી ભાનુબેને પૂ. યોગેશ્વરજી અને પૂ. માના દિવ્ય સંસ્મરણો તાજાં કર્યાં! આવતીકાલે સવારે સૌને પોતાને ત્યાં જમવાનું પ્રેમાગ્રહ ભર્યું આમંત્રણ આપ્યું. સૌએ આનાકાની કરી પરંતુ શ્રી ભાનુબેન માન્યાં નહીં! સત્સંગ પછી રાત્રે ઘેર જઇ આખી રાત જાગીને ભક્તો માટે જમવાનું બનાવ્યું. ઘરમાં પોતે એકલાં હોવા છતાં, એમની પ્રેમની પહોંચ એટલી તો મોટી કે પૂ. મા સાથેના સૌ ભક્તોને પણ એટલા જ પ્રેમથી સાચવે! જ્યારે જ્યારે પોરબંદર જવાનું થાય ત્યારે તેમનો પ્રેમભર્યો પ્રસાદ આરોગી પુલકિત થઇ ઉઠીએ! પૂ. મા પધારે એટલે સાક્ષાત્ પ્રભુ પધાર્યાં હોય એવા ઉમળકા સાથે ભાવપૂર્વક પૂ. માનું શ્રી ભાનુબેન સ્વાગત કરે, ગૃહમંદિરને ઉમંગથી શણગારે. પૂ. માની યથાશક્તિ સેવા માટે ખડે પગે તૈયાર રહે. પૂ. માનો પડયો બોલ જીલે. પૂ. મા તો કંઇ લે નહીં, છતાં ફળો અને મીઠાઈઓનો ભોગ ધરે. આરતી તો ત્યાં શબ્દે શબ્દે ઉતરતી લાગે! શ્રી ભાનુબેનનું સમગ્ર વ્યક્તિત્વ દિવ્યભાવથી ઉભરાતું લાગે. તેમના મુખારવિંદના ભાવો તો બોલતા લાગે! ભગવાનને પણ આવા ગોપીતીર્થની યાત્રા કરવાનું મન થઇ આવે! એટલે જ તો પૂ. મા સૌરાષ્ટ્રમાં પધારે ત્યારે પોતાના આ ભક્તતીર્થને ક્યારેય ભૂલતાં નથી. ક્યારેય પૂ. મા શ્રી ભાનુબેનના આમંત્રણની રાહ જોતાં નથી, સામેથી જ એ ભાવતીર્થને પોષવા પહોંચી જાય! 'ભગવાન ભાવના ભૂખ્યા' તે શાસ્ત્રવાક્ય અહીં મૂર્તિમંત થતું લાગે! ભગવાનને પોતાના ભક્તનો ભાવ માણવાની કેવી મજા આવતી હશે તે તો પૂ. માના પ્રસન્ન વદનનાં દર્શનમાં સ્પષ્ટ ઉઠતી છાપમાં પામી શકાય! પોતાના જ નીજ મંદિરમાં પધાર્યાં હોય તેવી સહજતા, શાંતિ અને નિરાંત પૂ. મા અહીં અનુભવે છે. આશીર્વાદના વરદાન શ્રી ભાનુબેનને અહીં

સહજ જ મળતાં રહે છે. પૂ. માનો વરદહસ્ત એ મસ્તકે અને અને પીઠપર જાણ્યે અજાણ્યે ફરતો જ રહે છે. વરદહસ્તમાંથી વહેતી વ્હાલની ધારાને પૂ. મા રોકી શકતાં નથી. ધીંગી ધારે વરસતા મેહુલિયાની જેમ પ્રેમધારા વર્ષતી પૂ. માની અંગુલીઓનું નર્તન જોવા જેવું હોય છે! એ નર્તને પ્રાણનાં અણુએ આણુંમાં પ્રેમનું દિવ્ય સંગીત ગુંજી ઉઠે છે. પછી તો જાગેલા એ જીવનમાંથી જીવનસ્વામીને સતત અંતર્નાદ ઉઠયાં કરે છે.

મારા મનમાં આણુએ આણુમાં, જાગો જીવન સ્વામી,
તુજ જાગ્યે મુજ જીવન જાગે, દિવ્યપ્રભા રહું પામી!

આજે દેશ વિદેશે પરમશક્તિની એ દિવ્યપ્રભા થકી અનેક જીવનો જાગ્યાં છે, જાગતાં જ રહે છે. પૂ. માનો દિવ્યપ્રેમ જીવનસંજીવની બનીને સૌને નવજીવન ધર્યાં કરે છે.

આપણે હજુ પોરબંદરમાં જ છીએ. પૂ. મા પોતાના બાળકોને દિવ્યપ્રેમ આપે છે તેનો સ્પર્શપણ કેવો અદ્‌ભુત અને આહ્‌લાદક હોય છે તેની મોજ પણ અહીં જ માણી લઇએ.

જાન્યુઆરી '૯૧ એટલે ઠંડીના દિવસો છે. શ્રી ભાનુબેનને ઘેર સવારે પ્રસાદ લઇને નીકળવાનું હોવાથી સૌ યાત્રાળુઓ સામાન પેક કરી તૈયાર થઇ રહ્યા છે. શ્રી બાબુભાઇ વોરા સાહેબ કપડાં પહેરીને તૈયાર તો થયા પણ ઉપર ગરમ કોટ પહેરતાં મૂંઝવણ અનુભવી રહ્યા છે. સાંજે સૂતી વખતે જે જગ્યાએ તેમણે પોતાનો ગરમ કોટ મૂક્યો હતો ત્યાં જ કોટ પડયો છે. કોટમાં રહેતા રૂમાલ, પેન પણ બરાબર વ્યવસ્થિત છે! છતાં તેમને કોટ કંઇક જુદો લાગે છે. પોતે પહેરી જોયો તો માપ, સાઇઝ ફીટીંગ પણ બરાબર છે. પણ કોટને પોતાની એક ઓળખ હતી, બાજુમા એક થીંગડુ મારેલું હતું તે દેખાતું ન હતું. તેથી શ્રી બાબુભાઇ તે



પહેરતા ખચકાતા હતા! તેમને એમ થયું કે હું ભૂલમાં બીજાનો કોટ પહેરી લઉં તે યોગ્ય ન કહેવાય. તેથી તેમણે પોતાના રૂમ પાર્ટનર શ્રી ભોજાણીભાઇ તથા નારાયણભાઇને પણ પૂછી જોયું કે આ કોટ તમારો તો નથી ને? રાત્રે તો રૂમમાં કોઇ આવ્યું નથી. તો પછી મારા જૂના કોટની જગ્યાએ નવો કોટ કેવી રીતે આવ્યો? શું કંઇ ચમત્કાર થયો કે શું? છતાં ઉતાવળ હોવાથી અને શ્રી ભોજાણીભાઇ તથા નારાયણભાઇના આગ્રહને વશ થઇ નવો કોટ પહેરીને બહાર નીકળ્યા! પણ કોટપર આશ્ચર્યસભર નજર ફર્યા કરે છે કે આ ચમત્કાર કે શું?

હા, તે ચમત્કાર જ હતો પણ માતૃપ્રેમનો! પૂ. માએ જ જૂના કોટની જગ્યાએ નવો કોટ મૂકાવ્યો હતો, પણ ભારે સીફતથી! પૂ. માએ જ્યારથી શ્રી બાબુભાઇને થીંગડાંવાળો કોટ પહેરતાં જોયા ત્યારથી એ માતૃહૃદયમાં એ બાળક પ્રતિ વાત્સલ્યભાવ ઉમટી આવ્યો! શ્રી બાબુભાઇ તો હવે પંચોતેરે પહોંચવા આવ્યા છે. છતાં પૂ. માના દિવ્યપ્રેમમાં બાળક થઇ મહાલવામાં જે આનંદ આવે છે તે તો અનુભવે જ સમજાય! પૂ. માએ તો પોતાના બાબુબટુકને નવો કોટ પહેરાવીને જે દિવ્યાનંદ અનુભવ્યો તે માતૃહૃદય વિના નહીં સમજાય! પૂ. મા પોતાના બાળકોને લાચાર, કે અસહાય સ્થિતિમાં જોઇ શકતાં નથી. દરીદ્રતા કે ગરીબાઇનું પ્રદર્શન પણ પૂ. માને ગમતું નથી! પૂ. કહે "પ્રભુએ આપ્યું હોય તો ગરીબાઇને સામેથી શા માટે બોલાવો છો? માનસિક દરીદ્રતા બહુ ખરાબ છે, મન ઢીલું રાખશો તો દરીદ્રતા કાયમ ઘર કરી જશે. માટે મનના અમીર બનો. ટટ્ટાર બનો. પરિસ્થિતિઓનો મક્કમતાથી સામનો કરી રસ્તો કાઢો. તનતોડ મહેનત કરો. પરંતુ માનસિક ગુલામીના ભોગ ન બનો."

પૂ. માનું આ જીવન પ્રત્યેનું દૃષ્ટિબિંદુ સમજવા જેવું છે. માનસિક ગરીબાઇ કે કંગાલિયત બરાબર નથી. મનનું વલણ જીવન ઢાંચાને બદલી નાંખે છે. પૂ. માનો પ્રહાર આ મનના વલણ પ્રતિ છે. ગમે તેવી પરિસ્થિતિને વશ થઇ જવું તે મનની દરીદ્રતા સૂચવે છે. મનને આવી ક્ષુદ્ર દરીદ્રતાની ટેવ પડ્યા પછી જીવનભર તેમાંથી બહાર નીકળી શકાતું નથી. આવું સામેથી દરીદ્રતા માંગી લેતું વલણ પૂ. માને બિલ્કુલ ગમતું નથી. પરિસ્થિતિ ગમે તેવી દરીદ્ર હોય છતાં મન તો અમીર જ હોવું જોઇએ. મનની આ અમીરાત વર્તનમાં પણ દેખાવી જોઈએ. અમીર મન, ધગશવાળું મન સતત વિકાસ કરતું કહે છે. સંજોગોવશાત્ કે તાત્કાલિક બીજો કોટ ન હોવાથી કદાચ એકાદ વખત થીંગડાવાળા કોટથી ચલાવી લેવાય, પણ મન જો વારંવાર આમ થીંગડાં મારતું થઇ જાય તો તે બરાબર નથી. ભૌતિક કે આધ્યાત્મિક વિકાસમાં થીંગડાં મારતું મન, ખોડંગાતુ મન, વ્રત, વ્રત ને નિયમોમાં છૂટછાટ મૂકતું મન, પુરુષાર્થમાંથી પાછું પડતું મન, સિદ્ધિના ફળ ચાખી શકતું નથી. અહીં શ્રી બાબુભાઇનો કોટ નિમિત્ત છે. પરંતુ આ પ્રસંગ દ્વારા પૂ. માને કહેવાનું એ જ છે કે ગમે તેવું ચલાવી લેવાની વૃત્તિ સારી નથી. આ 'ચાલશે'ની વૃત્તિ મનને સાધનાક્ષેત્રે અગ્રેસર થવા દેતું નથી! લોભને વશ થયેલું મન સાદાઇ અને કરકસરનું બહાનુ શોધીને પણ દલીલ કરવા લાગશે, પણ મનને વશ થઇ જવું યોગ્ય નથી. સામેથી ગરીબાઇને વહોરી લેવી તેના પર પૂ. માનો મુખ્ય પ્રહાર છે. ગમે તેવી પરીસ્થિતિમાં, અનેક અભાવો વચ્ચે પણ મનને ચલિત ન થવા દેવું એમ પૂ. મા સમજાવવા માગે છે. થીંગડાંવાળો કોટ ચલાવી લેતું મન સાધનામાં પણ થીંગડું મારતું થઇ જાય તે ચલાવી લેવાય નહીં.



ભૌતિક વસ્તુઓનો અભાવ મન ચલાવી લે, તે બરાબર છે. પરંતુ આત્મિક સાધનામાં તો મન પૂર્ણ સજ્જ હોવું જરૂરી છે. પૂ. મા અને પૂ. શ્રી યોગેશ્વરજીનું આધ્યાત્મિક જીવન મનની આવી પૂર્ણ સજ્જતા માટે પ્રેરણા આપી રહ્યું છે. અન્ન, વસ્ત્રના તદન અભાવ છતાં પૂ. શ્રીએ આ અભાવોથી ક્યારેય હારીને પાછી પાની કરી નથી. ભૂખ્યા પેટે અને ઉઘાડા શરીરે પણ સાધનામાં પ્રચંડ ઉત્સાહ અને ઉમંગ જાળવી રાખ્યો હતો. જ્યારે પૂ. મા પણ અનેક ભૌતિક સાધનોની વિપુલતા વચ્ચે પણ એક જંગલના યોગી જેવું સાધનાત્મક જીવન જીવી રહ્યાં છે. પૂ. શ્રી અને પૂ. માના સાધનાત્મક સંજોગો તદ્દન વિપરીત હોવા છતાં, પ્રભુને પામવાના અખંડિત ઉત્સાહમાં એક વિપળનો પણ વિક્ષેપ નથી. પૂ. શ્રીએ ગરીબાઇને મન સુધી પહોંચવા દીધી નથી અને પૂ. માએ શ્રીમંતાઈની સગવડોને પણ ઘોર તપશ્ચર્યાની સાક્ષી બનાવી છે. બંને પરમપુરુષોએ સંજોગોને દાદ આપી નથી. ગમે તેવા સંજોગો વચ્ચે પણ ચલાયમાન થયા વિના પરમપ્રેમને પંથે અવિરત ચાલતાં રહ્યાં છે. કોટના પ્રસંગ દ્વારા પૂ. મા સૌમાં મનની આ સજ્જતા જોવા ઇચ્છે છે.

આપણે બીજી ગમે તે વાતો કરીએ તો પણ આ કોટના પ્રસંગમાં પોતાનાં બાળકો તરફનો પૂ. માનો વાત્સલ્યભાવ છાનો રહી શકતો નથી. પૂ. મા તો વાત્સલ્યની ગંગોત્રી! ઉદ્‌ભવસ્થાન! એ પ્રેમની પહોંચ તો સાગરની અગાધતા કે આકાશની વિશાળ-તાથી પણ પર છે. બાળક બન્યા સિવાય પૂ. માના વાત્સલ્યનો પાર પામી શકાય તેમ નથી! શ્રી બાબુભાઇના આ કોટના પ્રસંગમાં બીજું બધું તો પછી પણ મુખ્ય વાત તો અંતરને અમીથી ભરી દેતો પૂ. માના દિવ્ય વાત્સલ્યનો મીઠો સ્પર્શ છે. શ્રી બાબુભાઇ પર

તો પૂ. માના વાત્સલ્ય નીતરતાં નયનો અહર્નિશ મંડાયેલાં રહે છે. શ્રી બાબુભાઇ ભલે એંસી વર્ષના હોય પરંતુ પૂ. માના તો એ લાડકડા બાબુબટુક છે. આજના પ્રખર યોગીપુરુષ શ્રી બાબુભાઇ વોરા સાહેબ ભલે બહારથી સીધા, સાદા દેખાતા હોય, પણ તેમની અંદરની ભવ્યતાને આપણે આંબી નહીં શકીએ. આ અંદરની ભવ્યતાનું સર્જન કરવા પાછળ આ એક જન્મનું જ નહીં, પણ પૂર્વજન્મોનું પૂ. મા અને પ્રભુનું ઘડતર કામ કરતું રહ્યું છે. પૂ. મા અને પ્રભુના પ્રેમની સીમા આપણે નહીં બાંધી શકીએ. પોતાના શરણે આવેલા જીવોનું જતન કરવા પાછળ આ એક જન્મનો નહીં પણ પૂર્વજન્મોનો પણ ઇતિહાસ પડેલો છે. કુંભાર માટલાને ટીપતી વખતે એક હાથે ટીપતો દેખાય છે પરંતુ બીજો અદૃશ્ય હાથ અંદરથી ટેકો આપતો હોય છે. આ અદૃશ્ય હાથ ભલે દેખાતો ન હોય પણ માટલાનું ઘડતર તેના ટેકા વિના શક્ય બનતું નથી. શ્રી બાબુભાઇ જેવા પ્રામાણિક, નિષ્ઠાવાન અને નખશિખ નીતિમાન મહાપુરુષના ઘડતર પાછળ પણ પૂ. મા અને પ્રભુનો પેલો અદૃશ્ય હાથ જન્મોથી કામ કરતો રહ્યો છે. દિવ્ય પરમપુરુષોની કેટલી પ્રેમભરી માવજત આપણા ઘડતર પાછળ કામ કરી રહી છે તેની આપણે કલ્પના કરી શકીએ તેમ નથી. એક સર્જકને પોતાની કૃતિ જોતાં જે આનંદ થાય છે, વર્ષોની પ્રેમપૂર્વકની સાધનાને ફળીભૂત થતાં જે હર્ષોલ્લાસ અનુભવાય છે તે દિવ્યાનંદ, દિવ્યપ્રેમ પૂ. મા આજે પૂ. બાબુભાઇને જોતાં અનુભવી રહ્યાં છે. આજે ભલે આપણને શ્રી બાબુભાઇ મોટા લાગતા હોય અને પૂ. મા નાના દેખાતાં હોય, પણ એ સનાતન દિવ્ય પ્રેમને માપવાનું આપણું શું ગજું? પૂ. માના લીલાતનુને લૌકિક ભૂમિકા પરથી કદી નહીં માપી શકીએ. પૂ. માના પ્રેમને



જેઓ પામ્યા છે તેઓએ જરૂર એ દૈવી દિવ્યતાનો સ્પર્શ અનુભવ્યો છે.

પૂ. માએ શ્રી બાબુભાઇને પહેરાવેલો એ નવો કોટ એ પૂ. માના દિવ્યપ્રેમનો સ્પર્શ છે. પોતાના બાળકને લડાવેલાં લાડ છે. નવો કોટ એ તો પૂ. માના પ્રેમનો શણગાર છે. શ્રી બાબુભાઇ તો સાદાઇને વરેલા એટલે થીંગડાંવાળો કોટ ચલાવી લે, પણ પૂ. મા પોતાના બાળક પ્રત્યે પ્રેમની આવી સાદાઇ કે કરકસર ચલાવી લેતાં નથી. પૂ. મા તો પોતાના બાળકને પૂર્ણ જ ઇચ્છે છે. તેના જીવનપોતને થાગડથીગડથી ચલાવી લેવા માગતાં નથી. પૂ. મા તો ઇચ્છે કે જીવન તો પ્રેમપરિપૂર્ણ, છલોછલ હોવું જોઇએ, એમાં અધુરપ રહે તો પૂર્ણતાની મંજીલ દૂર રહી જાય! એ કોટનું થીંગડું આ અધુરપનું પ્રતીક છે. તે કોટપર લાગેલું દેખાય છે, પરંતુ ખરેખર તો મનપર લાગેલું છે, એટલે જ પૂ. માને ગમ્યું નથી, ખૂંચ્યું છે. પૂ. માની આ જીવનદૃષ્ટિ છે, તેમાં સામેથી નોંતરેલી માનસિક શારીરિક કે ભૌતિક દરીદ્રતાને ક્યાંય સ્થાન નથી. મનમાં ભરાયેલા ષડ્રીપુઓના મેલને સંપૂર્ણપણે કાઢીને, ઈશ્વરીપ્રેમથી મનને છલોછલ ભરવાનું છે. આ કોટના થીંગડાં દ્વારા કરકસરનું બહાનું આપીને લોભાદિ શત્રુઓ મનની વાડમાં છીંડુ પાડીને ઘુસવા માગતા હોય, તો છટકબારી બંધ કરવા પણ પૂ. માએ નવા કોટરૂપી પહેરેગીરને ઊભો રાખી દીધો છે. પ્રભુપ્રેમના માન-સરોવરમાં સંસારસાગરના ખારાં જળ પ્રવેશે નહીં તે માટેની પૂ. માની આ સજ્જતા છે. પૂર પહેલાં પાળ બાંધવાની તત્પરતા છે. પોતાના બાળકની પ્રેમભરી માવજત છે.

નિર્દોષ આનંદની સૃષ્ટિ સર્જવાનું પૂ. માનું સાહજિક,

સ્વભાવગત જે સામર્થ્ય છે તેનું પણ આમાં દર્શન થાય છે. જૂના કોટને બદલે નવો કોટ પૂ. મા સીધો જ આપી શક્યાં હોત! પરંતુ કોટ બદલવામાં જે રહસ્યમય નિર્દોષ આનંદની સૃષ્ટિ ઊભી કરી, તેથી તો એ આનંદમય સૃષ્ટિમાં વિહરવાનો જે અનેરો આનંદ આવ્યો છે તેનું મૂલ્ય આંકી શકાય નહીં! નિર્દોષ હાસ્ય ખરેખર સમાધિસુખની પ્રતીતિ કરાવે છે. પૂ. માના વ્યક્તિત્વમાંથી વહેતી આ હાસ્યધારાઓ મારફત સમાધિસુખ અવિરત વહ્યાં કરે છે. એમાં ભીંજાનારાઓ અમૃતસ્નાનનો આનંદ માણે છે.

શ્રી બાબુભાઈ તો આ કોટ પરિવર્તન કલાથી સ્તબ્ધ થઈ ગયા! એજ માપ, એજ રંગ! કોટમાં જે વસ્તુઓ હતી તે પણ યથાવત્! ફક્ત તેમાં પેલું થીંગડું ન હતું! શ્રી બાબુભાઈ તો વારંવાર બોલ્યા કરે કે આ બને જ કેમ? તેમના રૂમ પાર્ટનર શ્રી નારાયણભાઈ તથા શ્રી ભોજાણીભાઈને વારંવાર પૂછે પણ તેઓ પણ એટલા જ રહસ્યમય લાગે! એક બાજુ નીકળવાની ઉતાવળ! બીજી બાજુ શ્રી બાબુભાઈ વિસ્મયતાથી સ્તબ્ધ! સૌને પૂછે "આ કોટ તમારો કોઈનો પહેરી લઉં તે કેવું કહેવાય!" વળી શ્રી બાબુભાઈને એમ થાય કે ત્યારે આ કોટ મારો જ હશે! સાઈઝ કલર અને કોટના ખીસ્સામાં રહેલી મારી વસ્તુઓ તો બરાબર છે! વળી પ્રશ્ન થાય છે કે પેલું થીંગડું ક્યાં? શ્રી બાબુભાઈની આ ગડમથલમાંથી જે નિર્દોષ હાસ્યનો હિલ્લોળ ઉઠયો તે તો સૌને ડોલાવી ગયો! છેવટે શ્રી નારાયણભાઈ અને શ્રી ભોજાણીભાઈએ ઉકેલ કાઢયો કે હમણાં તો તમે આ કોટ પહેરી લ્યો. પછી કોઈ માગે તો ઉતારી આપજો. અને શ્રી બાબુભાઈએ એ કોટ પહેર્યો તે જોઈને પૂ. મા તો શું પ્રસન્ન, શું પ્રસન્ન કે વાત નહીં! પૂ. માના આ પ્રેમ રહસ્યનો જ્યારે ઘટસ્ફોટ



થયો ત્યારે સૌ આ પ્રેમપ્લાવિત હાસ્ય હિલ્લોળનાં મોજાઓમાં ભીંજાઈ ગયા! પરમપ્રેમની આ કેવી નિર્દોષ હાસ્ય સમાધિ!

શ્રી બાબુભાઈએ જ્યારે જાણ્યું કે આ રહસ્યમય કોટ પ્રકરણ-નાં સર્જક પૂ. મા છે, ત્યારે તેમની આંખો પ્રેમાશ્રુઓથી છલકાઈ ઉઠી! વાણી ગદ્‌ગદિત બની ગઈ! ભારે આભારવશ બની હાથ જોડી અંતરથી ભાવ વહાવવા લાગ્યા! જાણે શિશુવત્ બની માતૃપ્રેમના માધુર્યને માણતા રહ્યા!

પૂ. માના દિવ્યપ્રેમના ભાજન બનવું એ કંઈ રમતવાત નથી. એ માટે તો શ્રી બાબુભાઈની જેમ સેવાના ભેખધારી બનવું પડે! જાતે ઘસાઈને ઉજળા થવું પડે! પૂ. મા અને પ્રભુના આદેશને ગીતાવાક્ય માનીને કોઈપણ જાતની દલીલ વિના શીરોધાર્ય ગણ્યો છે. પૂ. શ્રીની માંદગી વખતે એક માતા પોતાના બાળકની જે કાળજી લે તેટલી ચીવટથી પૂ. બાબુભાઈએ ખડે પગે રહીને રાત દિવસ જોયા વિના સેવા કરી છે. અનેક શિબિરોના સંચાલક હોવા છતાં સેવક બનીને શેતરંજીઓ પાથરી છે, અરે! બીજાનાં એઠાં પતરાળાં પણ ઊંચક્યાં છે! સ્વર્ગારોહણ તીર્થના સર્જનમાં શ્રી બાબુભાઈ પાયાના પત્થર છે તેનો ઇન્કાર કોણ કરી શકશે? પોતાના પ્યારા ગુરુદેવની એકમાત્ર ઇચ્છાને મૂર્તસ્વરૂપ આપવા શ્રી બાબુભાઈએ સમય અને પૈસાનો ભોગ આપવામાં પાછું વાળીને જોયું નથી. શ્રી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી બાબુભાઈને તો અલગ પાડી શકાય તેમ નથી. ટ્રસ્ટનો જન્મ અને ઉછેર શ્રી બાબુભાઈના કરકમળોથી થયો છે. આજનું માતબર શ્રી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ શ્રી બાબુભાઈની અણિશુદ્ધ પ્રામા-ણિકતા અને પુરુષાર્થનું પ્રતીક છે. આ ઉપલબ્ધિઓ સાધારણ

નથી. શ્રી બાબુભાઇનો આ જીવનયોગ છે. આ યોગ થકી જ શ્રી બાબુભાઇ પૂ. મા અને પ્રભુની પરમકૃપાને પામ્યા છે. શ્રી બાબુભાઇ જેવા નખશિખ નીતિવાન્ પુરુષ જ આવું સૌભાગ્ય પ્રાપ્ત કરી શકે છે. તેથી જ પૂ. માના પ્રેમના તાણાવાણાથી વણાયેલા પ્રેમકોટથી રક્ષાયેલા રહે છે. શ્રી બાબુભાઇની સાદાઇ અને નિરાડંબરીપણું એવું છે કે તેમને ઓળખવામાં આપણે ભૂલથાપ ખાઇ જઇએ. સાધારણ ખાદીના કપડાં અને સાઇકલ સવારીની આડમાં છૂપાયેલા એ મહાપુરુષના વ્યક્તિત્વને તો પૂ. માનો પ્રેમ જ પારખી શકે અને પ્રમાણી શકે! શ્રી બાબુભાઇ પોતાના કોટમાં થીંગડું મારી શકે, પરંતુ પ્રામાણિક વ્યવહારમાં રજમાત્ર કાણું ના ચલાવી શકે. પૂ. શ્રી બાબુભાઇની આ જીવનશૈલી! તેમને પ્રણામ કર્યા સિવાય રહી શકાય નહીં. આજનું શ્રી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ અને સ્વર્ગારોહણ તીર્થ શ્રી બાબુભાઇની સેવાના સાક્ષી બનીને ભાવિ પેઢીને નીતિમય, આદર્શ અને પ્રામાણિક જીવનની દીક્ષા આપ્યા કરશે.

પ્રેમાવતાર પૂ. મા તો વગર તપસ્યાએ દર્શનસુખનું દાન આપ્યાં કરે છે. પરંતુ એ પરમશક્તિના પરમપ્રેમને પામવો પચાવવો હોય તો શ્રી ભાનુબેન જેવો ગોપીપ્રેમ હૈયે પ્રકટાવવો પડે. પૂ. માને 'બાબુબટુક' કહીને બોલાવવાની તાલાવેલી થઇ આવે તેવા શ્રી બાબુભાઇ જેવા સરળ, શિશુસમ નિર્દોષ જીવન વ્યવહારની સાધના કરવી પડશે. આ યાત્રા નિમિત્તે શ્રી ભાનુબેન અને શ્રી બાબુભાઇ પાસેથી આવા પ્રેમયોગની દીક્ષા લઇ લઇએ.

આપણને પરમશક્તિ માતૃસ્વરૂપે મળ્યાં છે. એટલે એ માતૃહૈયાનું પરમમાધુર્ય પામવું હોય તો બાળક બન્યા વિના છૂટકો



જ નથી! જ્ઞાની, ભક્ત કે યોગીમાં આ શિશુવત્ સામર્થ્ય પ્રકટવું મુશ્કેલ છે માટે બાળક બની પ્રેમસ્વરૂપા પરમ માતાને પોકારીએ કે,

હે મા!, આપની,

પ્રેમપૂજાનું પાવન પુષ્પ બનું,
માતૃચરણોની નિર્મલ ધૂલિ બનું,
મારા અંતરના દેવ એક તમને ગણું,
એવી અંતરતમથી અરજી કરું.

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.
IS : 10001
ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

## રામચરિત માનસના સુંદરકાંડમાં વનવાસ ટાણે રામચંદ્રજીના પ્રેમથી થયેલો ચંદ્રડાઘ વિશે

## * સંવાદ *

દોહરા

અંગદ : ચાર કળા છે ચંદ્રની, રતિ ઘડવાને કાજ,
લીધી બ્રહ્માએ જ ત્યાં, તેજ ગયું થયો ડાઘ.

સુગ્રીવ : ધરતીની છાયા પડે, ચંદ્ર પરે જહીં કંઇ,
કાળો ડાઘ પડે નજર, ધાબા સમો અહીં જ.

કોઈ : ચંદ્ર ભીતરે છીદ્ર છે, તેથી નભ દેખાય,
તેથી કાળો ડાઘ છે, ભાસે મુજને એહ.

કોઈ : કુદૃષ્ટિ ગુરુપત્ની જ પર, ચંદ્રે કરી જહીં જ,
કલંક કાળું લાગિયું, એને તેથી અતિ જ.

કોઈ : વહાલસોયો માતને, ચંદ્ર રૂપાળો અતિ,
ટપકું જ કાળું લલાટ યે, કીધું જ માએ—ડાઘ.

કોઈ : ચાંદાને ક્ષયરોગ થ્યો, થયાં જ ફેફ્સાં ય ખતમ,
તેથી કાળા ડાઘ છે, મુજને લાગે એહ.

કોઈ : કામદેવ બાળ્યો શિવે, ધૂમ્ર જ્વાળ તણો જ,
શિવજટા માંહીં જ ગયો, ડાઘ થયો ચંદ્રે જ.

**ભગવાન રામચંદ્ર**

ચંદ્ર વિષ બે ય ભાઈ છે, સાગરનાં સંતાન,
તેથી ઉરમાં ચંદ્રના, દેખાયે છે ડાઘ.

— મધુરમ્



## * હો સંતો, ભાઇ ! *

હો સંતો, ભાઇ ! કાંટો બતલાવો લાયકાતનો.
પંચની પગચંપી કીધી,
વ્યંઢળ ચરણ—રજ લીધી,
બુદ્ધિ બંદૂકે દીધીઃ
ન રંજ કે અફસોસ કશીય વાતનો
હો સંતો, ભાઇ !...

હાટડિયું માંડી બેઠા,
પોલું પેખીને પેઠા,
વેપલા ઉધાર કીધાઃ
પતિતને ભો કશો વિનિપાતનો ?
હો સંતો, ભાઇ !...

અનભેની ભેરી વાગે,
સિંહણના સૂત જાગે,
ભીરુ ભડાકે ભાગેઃ
ધ્રુવ તો પરકાશે મધરાતનો
હો સંતો, ભાઇ !...

કાંટો બતલાવો લાયકાતનો
હો સંતો, ભાઇ !
કાંટો બતલાવો લાયકાતનો
પામું પરિચય ભલી ભાતનો,
હો સંતો, ભાઇ ! કાંટો બતલાવો લાયકાતનો.

— અનામી

# સંત કબીર

સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

શ્રી કબીર સાહેબ મધ્યકાલીન ભારતના એક મહાન યુગ-પુરુષ હતા. સંતમતના તેઓ આદિ પ્રવર્તક હતા. આત્મતત્ત્વના આ મહાન સિદ્ધ વિચારકના ઉપદેશથી ભારતની સંસ્કૃતિએ એક યુગ-પલટો જોયો. તે વખતે ઈસ્લામી શાસકોના પ્રભાવથી, ધર્માંધતાને લીધે માનવ માનવના ભેદ વધતા જતા હતા. તે વખતના મહાન વિચારકો તથા આત્મતત્ત્વના વિજ્ઞાનીઓની વિચારધારામાં એક નવી ચેતના પ્રકટી. અંધશ્રદ્ધા, જાતિભેદ, તટસ્થ ઈશ્વરની જડ-પૂજા, નીચ જાતિઓ પ્રત્યે ધૃણા, નિરીશ્વરવાદ, વ્યક્તિપૂજા, હિંસા વગેરે બાહ્ય આચાર વિચારોમાં ગ્રસ્ત સમાજને તેમણે એક નવી પ્રેરણા આપી, દંભી ગુરુઓ તથા સમાજના અભિમાની ધુરંધર ગણાતાં, આગેવાનોની શબ્દજાળ પરખાવી તેમની પકડમાંથી જનસમાજને મુક્ત કરવાની તથા સ્વતંત્ર વિચાર કરવાની એક અદ્વિતીય તક પૂરી પાડી.

શ્રી કબીર સાહેબે ભારતવર્ષના ધાર્મિક અને સામાજીક જીવનમાં એક અપૂર્વ કાંતિ પેદા કરી માનવ જીવનના ઉચ્ચતમ આદર્શ વિચારોની રૂપરેખા જનસમાજને પ્રદાન કરી. તેમના વિચારોમાં ભારતીય ધર્મસાધનાનાં સર્વ ઉપયોગી અંગોનો—સાર-ગ્રાહી તત્ત્વનો નિચોડ નવા રૂપમાં સરળતાથી જોવા મળે છે. તેમની વાણીમાં જ્ઞાન અને ભક્તિનો સુમેળ, યૌગિક પરિભાષા-ઓનાં ઉપયોગી અંગ અને વૈદિક સનાતન ધર્મની અપરોક્ષ અધ્યાત્મ તત્ત્વની અનુભૂતિ તથા પુરાણવર્ણિત નૈતિક આચાર



વિચાર તેમ જ જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યએ વર્ણવેલ માયા-વાદનું ઉત્કૃષ્ટરૂપથી આલેખન તથા માનવધર્મનું સાચું દર્શન જોવા મળે છે.

તેમણે વિશ્વબંધુત્વની ભાવનાને વિસ્તારથી આમ જનતાના હૃદયમાં પ્રજ્વલિત કરી. તેમણે ભારતમાં બ્રાહ્મણ ગ્રંથોના ભારથી લદાયેલ ધાર્મિક વિચારોમાં ક્રાંતિ પેદા કરી. વર્ણાશ્રમ ધર્મની કઠોર ભાવનાથી માનવ સમાજની હીન ગતિને રોકી રાખી. કુળની મર્યાદાને સનાતન પ્રભુકૃત માની સમાજમાં છૂતાછૂતની ભાવના દૃઢ થયેલી હતી, અને એવો દુરાચાર ફેલાયો હતો કે અન્ય વર્ણોને જ્ઞાન અને ભક્તિનો સરળ માર્ગ મળવો પણ કઠિન થયો હતો. તેવી પરિસ્થિતિનો સદ્‌ગુરુ કબીર સાહેબે પોતાની ભાવનાથી ઉચ્છેદ કરી માનવધર્મની એકતાને સમાજમાં દૃઢ કરી. અને ચારે વર્ણોમાં સાચા વૈષ્ણવજનની જ સર્વ શ્રેષ્ઠપદમાં સ્થિતિને કાયમ કરી.

અહિંસાના ઉચ્ચતમ આદર્શોને ગહનતમરૂપમાં આચરવાનો આદેશ આપ્યો. પ્રાણીમાત્રના હૃદયમાં જ રામ તથા રહીમ યા પ્રભુનો વાસ છે અને માનવ શરીર જ સાચા પ્રભુનું ઉત્કૃષ્ટ મંદિર છે, અને તેમાં નિવાસ કરનાર ચેતન આત્મતત્ત્વ જ સાચો પ્રભુ છે અને તેથી કોઈના પણ દિલને દુઃખ આપવું તે પણ તેમની દૃષ્ટિમાં હિંસા છે. સ્થૂળ હિંસા તો હિંસા છે જ, પણ સૂક્ષ્મ હિંસા તો તેથી પણ મોટી હિંસા છે. અહિંસા, સત્ય, અસ્તેય, અકામ, અક્રોધ, નિર્લોભ આદિને તેમણે ધર્મનાં મુખ્ય લક્ષણો ગણાવેલાં છે.

### પ્રાકટ્ય

જેવી આ વિશ્વવંદ્ય મહાપુરુષની વાણી દિવ્ય ચેતનાવાળી

તથા પ્રભાવશાળી છે તેવું જ તેમનું સંસારમાં પ્રાકટ્ય પણ અદ્‌ભુત ઘટનાવાળું છે.

નીરૂ જુલાહા–વણકર પોતાની સ્ત્રી નીમાનું આણું કરી પોતાના ઘરે જતો હતો. રસ્તામાં નીમાને તૃષા લાગી. ચાલતાં ચાલતાં લહરતારા નામનું તળાવ આવ્યું. નીરૂએ નીમાને તળાવમાંથી પાણી પીવાનું કહી પોતે બહાર ઉભો રહ્યો. નીમા તળાવમાં પી પીવા ગયાં તો ત્યાં કમળના પત્ર ઉપર એક બાળક જોયું. તેમણે નીમાજીને બૂમ પાડી બોલાવ્યા અને તે બાળકને તળાવમાંથી બહાર કાઢી પોતાના ઘેર લઇ જવા આગ્રહ કર્યો. નીરૂજીએ કહ્યું કે આપણે આણું કરીને પ્રથમ જ ઘેર જઇએ છીએ અને જો સાથે આ બાળકને લેતા જઇએ તો લોકો આપણી હાંસી કરશે, તેથી બાળકને લઇ જવા સંબંધી નીરૂ અને નીમા વચ્ચે ઘણી આનાકાની થઇ. પરંતુ નીમાના અત્યંત આગ્રહને વશ થઇ નીરૂ તે બાળકને ઉઠાવી પોતાના ઘેર લાવ્યાં. તે સ્થાન આજે પણ કાશી કબીર ચૌરામાં નીરૂટીલ્હા તરીકે હયાત છે અને ત્યાં નીરૂજી અને નીમાજીની સમાધિ પણ છે.

કેટલાક મહાત્માઓના વચનાનુસાર નીરૂને ચેતાવવા માટે જ સદ્‌ગુરુ તેના ઘેર આવ્યા હતા. નીરૂ પૂર્વજન્મના ભક્ત હતા. સદ્‌ગુરુ તેમને લહરતારામાં પણ નિર્વિવાદ ઇતિહાસ પ્રસિદ્ધ છે. સ્વામી રામાનંદજીના શિષ્ય સંત અનંતાનંદજી રોજ લહરતળાવ પાસે જંગલ હોવાથી શૌચ માટે તથા સ્નાન માટે જતા હતા. ત્યાં તેમણે આકાશમાંથી એક જ્યોતિ ઉતરતી જોઇ. તે ઘટના તેમણે રામાનંદજી સમક્ષ વર્ણવી ત્યારે સ્વામીજીએ કહ્યું કે મહાન ભાગવત પુરુષ જગતના ઉદ્ધાર માટે અવતાર લઇ રહ્યા છે. તે



જ દિવસે શ્રી કબીર સાહેબ બાળક સ્વરૂપે નીરૂ તથા નીમાને કમળપત્ર ઉપર મળ્યા.

જ્ઞાની મુક્ત પુરુષો આચાર્યરૂપે કલ્પપર્યંત સંસારના જીવોના ઉદ્ધાર માટે વિચરતા રહે છે. તેઓ સ્વેચ્છાએ જ્યારે પ્રકટ થવા ઇચ્છે છે, ત્યારે પ્રકટ થાય છે. તેમને માતાના ગર્ભમાં આવવાની આવશ્યકતા હોતી નથી. જેમ નૃસિંહઅવતાર સ્તંભમાંથી પ્રકટ થયો, તેમ સ્વયંસિદ્ધ અમરજ્ઞાની પુરુષો પોતાની ઇચ્છા પ્રમાણે પ્રકટ થાય છે. સંત કબીરનું પ્રાકટ્ય સંપ્રદાયમાં પ્રસિદ્ધ માન્યતા પ્રમાણે સંવત ૧૪૫૫ માં થયું. પરંતુ કેટલાક પ્રસિદ્ધ વિદ્વાનોએ તેમનો પ્રાદુર્ભાવ તેથી પહેલાં માનેલો છે.

વળી મહારાષ્ટ્રના સંતોના સાહિત્યના આધારે તો તેમનો સમય સંવત ૧૨૫૫ થી ૧૫૭૫ સુધીનો 'વૈશ્નવ કબીર'ના લેખક શ્રી સ્વામી યોગિરાજ ગોવત્સજીએ માનેલો છે મહારાષ્ટ્રના સિદ્ધ સંતો શ્રી જ્ઞાનેશ્વર મહારાજ, શ્રી નામદેવજી તથા જનાબાઇ સમકાલીન હતા. જનાબાઇએ તેમના અભંગમાં શ્રી કબીર સાહેબનો ઉલ્લેખ કરેલ છે.

નાચતા નાચતા દેવાચા ગળલા પીતાંબર,
સાવધ હોઇ દેવા અસા બોલે કબીર.

### ગુરુપ્રણાલિ

એવું કહેવાય છે કે કબીર સાહેબને કાશીમાં સ્વામી રામાનંદજી પાસે મંત્રદીક્ષા લેવી હતી, પરંતુ એ સમયે સમાજમાં ઉચ્ચ નીચના ભેદનો પ્રભાવ એવો વ્યાપેલો હતો કે રામાનંદજી તેમને મંત્રદીક્ષા આપવા તૈયાર ન થયા. કબીર સાહેબે યુક્તિ કરી. સ્વામી રામાનંદજી સવારમાં ચાર વાગે ગંગાસ્નાન માટે જતા.

તેથી કબીર સાહેબ બાળક સ્વરૂપે સવારમાં ચાર વાગે ઘાટના એક પગથિયા ઉપર સૂઇ ગયા, તે વખતે ગંગાસ્નાન કરવા જતા સ્વામી રામાનંદજીનો પગ કબીર સાહેબ ઉપર પડયો. અને બાળક રૂદન કરવા લાગ્યું ત્યારે સ્વામીજીએ કહ્યું, "બચ્ચા, રામ રામ કહો. તે રામનો મંત્ર લઇ તે વખતની પ્રણાલિકા પ્રમાણે તેમણે રામાનંદજીને ગુરુ તરીકે સ્થાપ્યા અને રામનામનો મંત્ર લઇ સદ્‌ગુરુ કબીર સાહેબ પોતાના નિવાસસ્થાને આવ્યા, પછી કહેવા લાગ્યા કે રામાનંદ સ્વામીએ કૃપા કરી તેમને ગુરુમંત્ર આપ્યો છે. લોકોમાં વાત પ્રસરી કે સ્વામી રામાનંદજીએ કબીર સાહેબને શિષ્ય બનાવ્યા. એટલે ઘણા લોકોને કુતૂહલ થયું કે આવા રૂઢિચુસ્ત સ્વામીજી કબીર સાહેબને કદાપિ શિષ્ય બનાવે નહિ, પરંતુ સ્વામીજીની વિચારસરણિ ભેદભાવ વિનાની હતી. તેમના બાર શિષ્યોમાં સૈનાજી નાઇ, પીપાજી રાજા, ધનાજી ખેડૂત, રૈદાસજી ચમાર આદિ અનેક હતા કે જેઓ પૈકી કેટલાક સમાજની દૃષ્ટિમાં અછૂત કોટિના હોવા છતાં તેઓ પૂર્વના મહાન ભાગવતો કલિયુગમાં વિશ્વબંધુત્વ તથા એકતાનો અમર સંદેશ આપવા અવતરિત થયેલા. શ્રી રામાનંદજીના પ્રધાન બાર ભાગવત શિષ્યોમાં શ્રી કબીર સાહેબનું અગ્રસ્થાન હતું. કબીર સાહેબ દીક્ષામંત્ર ધારણ કર્યા પછી શ્રી રામાનંદ સ્વામીના મઠમાં જ નિવાસ કરવા લાગ્યા અને રામાનંદ સ્વામીની જમાતમાં તેઓ તેમની સાથે જ ભારતવર્ષમાં ફરેલા તેનો ઉલ્લેખ 'પ્રસંગ પારિજાતમ્'નામના ગ્રંથમાં મળે છે.

સ્વામી યોગિરાજ ગૌવત્સજીએ તેમના "વૈશ્નર કબીર'નામના પુસ્તકમાં અગસ્ત સંહિતા ગ્રંથમાં શ્રી રામાનંદ અવતારોપાખ્યાનના પ્રકરણમાં આપેલા પૃષ્ઠ સાત ઉપર આપેલા શ્લોકના



આધારે સ્વામી શ્રી રામાનંદજીના બાર ભાગવતો કળીયુગમાં નીચે મુજબ પ્રકટ થયા.

| પૂર્વે | કળીયુગમાં | પૂર્વે | કળિયુગમાં |
|---|---|---|---|
| બ્રહ્માજી | અનંતાનંદ | પ્રહ્‌લાદ | કબીર |
| શંકરજી | સુખાનંદ | જનક | ભાવાનંદ |
| નારદજી | સુરસરાનંદ | ભીષ્મપિતામહ | સૈનાજી |
| સનતકુમાર | નરહરિયાનંદ | બલિરાજા | ધનાજી |
| કપિલ | યોગાનંદ | શુકદેવ | ગાલ્વાનંદજી |
| મનુ | પીપાજી | ધર્મરાજા | રૈદાસજી |

કબીર સાહેબે પોતાની નાની વયમાં જ શ્રી રામાનંદ સ્વામીની જમાતમાં ઠેર ઠેર ફરી સત્યધર્મનો પ્રચાર કરી મનુષ્યની નૈતિક તેમ જ આધ્યાત્મિક ઉન્નતિ માટે ઉપદેશ આપવો શરૂ કર્યો હતો. ભારતના ચારે ખૂણે તેઓ ફર્યા હતા. ભારતના પ્રત્યેક ભાગમાં આજે પણ કબીરપંથી સંતોના મઠો તથા મંદિરો જોવામાં આવે છે.

કબીર સાહેબ શ્રી રામાનંદ સ્વામીની જમાતમાં નર્મદા કિનારે શુક્લતીર્થ ગામમાં પધારેલા. તેની સામે નર્મદા કિનારે પંચગૌડાંતર્ગત ઔદિચ્ય બ્રાહ્મણ કુળના તત્ત્વાજી તથા જીવાજી નામના બે ભાઇઓ રહેતા હતા. તેઓ ઘણા જ સંસ્કારી અને શાસ્ત્રવિદ હતા. કાશીમાં શાસ્ત્રાભ્યાસ પૂર્ણ કરી તેઓ શ્રેષ્ઠ ગુરુની શોધમાં ઘણે ઠેકાણે ફર્યા, પરંતુ તેમને શ્રદ્ધા થાય તેવા યોગ્ય ગુરુનો ભેટો થયો નહિ. છેવટે તેઓ ઘેર આવી નર્મદા કિનારે જીવન વ્યતીત કરવા લાગ્યા અને પ્રતિજ્ઞા કરી કે જે સંતના ચરણામૃતથી વડની સૂકી ડાળીમાં કૂંપળો ફૂટે તેમને ગુરુ માનવા.

તે અર્થે જે કોઇ સંત મહાત્મા નર્મદા કિનારે પધારતા તેમની સેવા સત્સંગ કરતા અને તેમનું ચરણોદક વડની સૂકી ડાળીમાં સિંચતા.

### કબીરવડ

શ્રી કબીર સાહેબે તે મહાન ભક્તોની પ્રતિજ્ઞાની પૂર્તિરૂપે કમંડળમાંથી જળ સૂકી ડાળી ઉપર છાંટયું, ત્યાં તો તે ડાળીને કૂંપળો ફૂટી. આથી શ્રી તત્ત્વાજી અને જીવાજી અતિ પ્રસન્ન થયા, અને શ્રી રામાનંદ સ્વામીની આજ્ઞાનુસાર તેમણે શ્રી કબીર સાહેબને ગુરુ તરીકે સ્વીકાર્યા. તે ડાળીમાંથી વડવાઇઓનો વિસ્તાર થયો અને આજે જગપ્રસિદ્ધ કબીરવડ, નર્મદા નદીમાં શુક્લતીર્થ પાસે બેટમાં જોવા મળે છે. લગભગ છસોથી સાતસો વર્ષથી પવિત્ર નર્મદા નદીના પ્રચંડ પ્રવાહમાં જાણે કોઇ ધૂરંધર યોગી યુગોથી સમાધિમાં હોય તેમ અટલ, નીડર રીતે આજે પણ ઉભો છે, જે વિશ્વની અજાયબ ચીજોમાંનો એક છે.

શ્રી કબીર સાહેબ તથા શ્રી રામાનંદ સ્વામીની પાદુકાનું સ્થાન સૌરાષ્ટ્રમાં જુનાગઢ પાસે આવેલા, ગીરનાર પર્વત ઉપર પણ શ્રી ભૈરવશીલાની પાસે આવેલું છે.

### સીકંદર લોદી તથા બાવન કસોટી

આ સમયે દીલ્હીની ગાદી ઉપર સિકંદર લોદી રાજ્ય કરે. તે શરીરે જ્વલનના રોગથી પીડાતો હતો. ઘણા વૈદ્યો તથા હકીમોની દવા કરી પણ કાંઇ આરામ થયો નહિ. તેની માતા સાધુસંતોની સેવા કરતી હતી, તેથી સિકંદરને પણ સાધુસંતો તથા ફકીરો ઉપર ઘણી શ્રદ્ધા હતી.

ઈર્ષાળુ લોકોએ તે તકનો લાભ લઇ બાદશાહને કહ્યું કે કબીર સાહેબ નામે સુપ્રસિદ્ધ મહાત્મા કાશીમાં રહે છે તેઓ સ્વામી



રામાનંદજીના પ્રધાન શિષ્ય છે અને મહાન સિદ્ધ છે. જો તેમનાં દર્શન થાય તો તેમના રોગનો અંત આવે. તેથી બાદશાહ તુરત જ કબીર સાહેબના દર્શનાર્થે ગયા. કબીર સાહેબની દૃષ્ટિ પડતાં જ બાદશાહનો રોગ દૂર થયો અને તેને શાંતિ થઇ. તેથી બાદશાહને શ્રી કબીર સાહેબ પ્રત્યે ખૂબ માન અને પ્રેમ ઉત્પન્ન થયાં. તેથી તેમણે તેમનો ભારે દબદબાથી સત્કાર કર્યો, અને કબીર સાહેબને સાચા ઈશ્વર સમજવા લાગ્યો.

બાદશાહ ઉપર કબીર સાહેબનો આટલો બધો પ્રભાવ જોઇ પંડિતો તથા કાજી મુલ્લાંઓ વધુ ક્રોધિત થયા અને કબીર સાહેબ વિરૂદ્ધ ઘણી ખોટી ફરિયાદો બાદશાહના ગુરુ શેખતકી સમક્ષ કરી, અને કહ્યું કે કબીર સાહેબ મુસલમાનોને બહેકાવી હિંદુ બનાવી દે છે. ઇસ્લામ ધર્મ ઉપર સખત કટાક્ષ કરે છે. આમ તો શેખતકી પણ કબીર સાહેબના પ્રભાવથી નાખુશ તો હતો જ.

શેખતકીને થયું કે જો કબીર સાહેબના વધતા જતા પ્રભાવથી બાદશાહનો તેમના પ્રત્યે પ્રેમ વધી જશે તો રાજદરબારમાં તેની પ્રતિષ્ઠા ઘટી જશે. તેણે બાદશાહને કબીર સાહેબ વિરુદ્ધ અનેક ભ્રામક વાતો કરી એવું સમજાવ્યું કે જો કબીર સાહેબનો પ્રચાર ચાલુ રહેશે તો ઇસ્લામ ધર્મની જડ નાબૂદ થઇ જશે અને હિંદુઓનું જોર વધી જશે. તેથી કબીર સાહેબને તેમ કરતા અટકાવવા જોઇએ. આથી બાદશાહ ક્રોધે ભરાયો અને કબીર સાહેબને તેવો પ્રચાર ન કરવા કહ્યું.

કબીર સાહેબે બાદશાહને કહ્યું કે 'મનુષ્યમાત્ર જન્મ સમયે એક જ માતાના ગર્ભમાંથી એક જ પ્રકારનાં માંસ, હાડ અને રક્તનું શરીર લઇને બહાર આવે છે, તો પછી હિંદુ, તુરુક,

ઉંચનીચ, બ્રાહ્મણ, શૂદ્ર વગેરે ભેદ ક્યાંથી આવ્યા? તે કેવળ મનુષ્યની કલ્પના છે. બંનેના ઈશ્વર જુદા જુદા ક્યાંથી હોઇ શકે? જેમ સુવર્ણમાંથી અનેક આભૂષણો બનાવી તેનાં જુદાં જુદાં નામો આપવામાં આવે છે તેમ અલ્લાહ, રામ, કરીમ, કેશવ, હઝરત આદિ એક જ તત્ત્વનાં ભિન્ન ભિન્ન નામો છે. જેમ સર્વ આભૂષણોમાં સુવર્ણ તો એક જ છે તેમ ઈશ્વર પણ સર્વાત્મારૂપ સર્વનો એક જ છે. તેથી આવા ભેદ વાસ્તવિક નથી. જો તે વાસ્તવિક ભેદ હોત તો મુસલમાન ગર્ભમાંથી જ સુન્નત કરાવીને આવત અને બ્રાહ્મણો ગર્ભમાંથી જ જનોઇ ધારણ કરીને આવત. આવા ઉપદેશથી બાદશાહ શાંત થયા.

બાદશાહના ગુરુ શેખતકી આથી ઈર્ષ્યાથી સળગી ઉઠયો, અને કબીર સાહેબને બાદશાહની નજરમાંથી ઉતારી પાડવા બાદશાહને ખૂબ જ ભંભેર્યા. તેથી કબીર સાહેબની કસોટી કરવી ચાલુ કરી, અને કબીર સાહેબની બાવન પ્રકારે કસોટી કરી. તેમને તલવારથી મારવા પ્રયત્ન કર્યો તો તલવાર આરપાર નીકળી ગઇ, એક ટીપું પણ લોહી ન નીકળ્યું અને કબીર સાહેબ હસતા જ રહ્યા. પછી ગંગામાં ડુબાડી દેવાનો, અગ્નિમાં બાળવાનો, હાથીના પગ નીચે કચડી નાંખવાનો, વાઘ, સિંહના ભક્ષ્ય બનાવવાનો આદિ ઘણા પ્રયત્નો તેમને મારી નાંખવા માટે કર્યા પરંતુ સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા અને કબીર સાહેબ તો હસતા જ રહ્યા. હવે શેખતકી નરમ પડયો અને કબીર સાહેબને ચરણે પડી માફી માંગી. ત્યારબાદ બાદશાહ તથા શેખતકી કબીર સાહેબને માનિકપુર તથા ઝુંસી કે જ્યાં એકવીસ પીરોની તેમ જ શેખતકીની પુત્રીની પણ કબર હતી ત્યાં લઇ ગયા અને શેખતકીએ કબીર સાહેબની છેલ્લી કસોટીરૂપે તેની પુત્રીને કબરમાંથી સજીવન



કરવાની પ્રાર્થના કરી. કબર ખોદાવી. કબીર સાહેબે શેખતકીની પુત્રીને આહ્‌વાન કરી ઉભી કરી અને જીવતદાન પ્રદાન કર્યું.

### વારાણસીમાં ભંડારો

તેમની વધતી જતી પ્રસિદ્ધિને તોડવા બનારસમાં પંડિતોએ કબીર સાહેબના નામથી એક વિશાળ ભંડારા નિમિત્તે ભોજન લેવા માટે બનારસના સર્વ મહાત્માઓ તથા બ્રાહ્મણોને નિમંત્રણ આપ્યું. કબીર સાહેબ તે વાતથી સાવ અજાણ હતા, પણ એમ કાંઇ પ્રભુ ભક્તની લાજ જવા દે? એ ભંડારો શ્રી પ્રભુને પૂર્ણ કરવો પડયો. પરિણામે તેમની પ્રતિષ્ઠા ઘટવાને બદલે ઊલટી અનેક ગણી વધી ગઇ. બ્રાહ્મણો, પંડિતો, સંતો તથા મહાત્માઓ તેમની વાહ વાહ પોકારવા લાગ્યા. આ વાતની જ્યારે કબીર સાહેબને ખબર પડી ત્યારે તેમણે કહ્યું કેઃ—

ના હમ કિયા, ન કરહુગા, ના કુછ કિયા શરીર,
જો કુછ કિયા સો હરિ કિયા, ભયા કબીર કબીર.
યહ મન જબ નિર્મલ ભયા, જૈસે ગંગા નીર,
પીછે પીછે હરિ ફિરે, કહત કબીર કબીર.

### મહાત્માની પ્રતિજ્ઞાપૂર્તિ

એક મહાત્માએ પ્રતિજ્ઞા લીધી કે જેણે કરોડ યજ્ઞ કર્યા હોય તેને ત્યાં જ ભોજન લેવું. તે પ્રતિજ્ઞા ઘણી કઠિન હોવાથી તેના પાલનમાં મહાત્માને ઉપવાસ કરવા પડે તેવી પરિસ્થિતિ ઉદ્‌ભવી. તેથી મહાત્માની પ્રતિજ્ઞાની પૂર્તિરૂપ વચન કબીર સાહેબે કહી તેમની પ્રતિજ્ઞા પૂર્ણ કરાવી. તેમણે કહ્યું કેઃ—

સંત મિલનકો જાઇએ, તજિ માયા અભિમાન,
જ્યોં જ્યોં પગ આગે ધરે, કોટી યજ્ઞ સમાન.

જે વ્યક્તિ માયા, અભિમાન આદિનો ત્યાગ કરી સંતનાં દર્શન

કરવા જાય છે તેના ડગલે ડગલે કરોડ યજ્ઞનું પુણ્ય તે પ્રાપ્ત કરે છે અને તેવા ભક્તને ત્યાં તે મહાત્માને ભોજન લેવા અનુરોધ કરી તેમની પ્રતિજ્ઞા પાલન માટે સુલભતા પ્રાપ્ત કરાવી.

### જગન્નાથપુરીમાં કુબડી સ્થાપના

જગન્નાથપુરીમાં ત્યાંના રાજા શ્રી જગન્નાથજીના મંદિરનું સમારકામ કરાવતા હતા, ત્યારે સમુદ્ર ઉછળીને સઘળી સામગ્રી લઇ જતો હતો. તેથી રાજા ઘણા જ પરેશાન હતા. તે વખતે શ્રી કબીર સાહેબ ત્યાં પધાર્યા અને સમુદ્રની રેતીમાં કુબડી રોપી સમુદ્રને ત્યાં સુધી રોકી રાખ્યો અને મંદિરનું સમારકામનું કાર્ય પૂર્ણ થયું. તે કુબડીનું સ્થાન આજે પણ જગન્નાથપુરીમાં પ્રસિદ્ધ છે. તે જગ્યાએ એક મોટો ચોતરો બંધાવી રાજાએ કબીર સાહેબની આ કુબડી રોપી સ્મારક બનાવ્યું છે. આજે પણ ચારેય વર્ણના લોકો એક સાથે પંગતમાં બેસી ભોજન કરે છે. ત્યાં ન્યાતજાત, ઉંચનીચનો, માનવ માનવ વચ્ચેનો ભેદ નથી. ત્યાં તીર્થવાસીઓને આજે પણ ચરણામૃત મળે છે. કબીર સાહેબના શિષ્ય ધર્મદાસજી સાહ, તથા તેમનાં પત્ની આમીન માતાજીની સમાધિ આજે પણ ત્યાં મોજુદ છે.

### સર્વાજિત પંડિત સાથે વાર્તાલાપ

તે સમયે કાશીમાં સર્વાનંદ નામે વેદશાસ્ત્રનિપુણ એક વિદ્વાન પંડિત રહે. તે પંડિતો સાથે વાદવિવાદ કરી, હરાવી તેમના સર્વ ગ્રંથો છીનવી લઇ તેમને પરાસ્ત કરતા હતા. તેને તેની અગાધ વિદ્યાનો અહંકાર હતો. તેની મહત્વાકાંક્ષા સર્વને શાસ્ત્રાર્થમાં પરાસ્ત કરી સર્વાજિત થવાની હતી. તેની માતાએ કહ્યું કે જ્યાં સુધી તે કબીર સાહેબને શાસ્ત્રમાં હરાવે નહિ ત્યાં સુધી તે તેને સર્વાજિત નહિ કહે.



વારાણસી તે સમયે વિદ્યાના ભંડાર તરીકે પ્રસિદ્ધ હતું. તે હિંદુઓનો ધાર્મિક જ્ઞાનરૂપી ગઢ હતો. તેને જીત્યા સિવાય કોઇપણ વિદ્વાન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકતો નહિ.

તેઓ બનારસમાં શ્રી કબીર સાહેબને મળ્યા. તેમણે કબીર સાહેબ પાસે પોતે શાસ્ત્રવિદ સર્વ શાસ્ત્રોના જ્ઞાતા છે અને મહાન પંડિતોને શાસ્ત્રાર્થમાં હરાવ્યા છે, પરંતુ જ્યાં સુધી કબીર સાહેબને પરાસ્ત ન કરે ત્યાં સુધી પોતે સર્વાજિત ન કહેવાય તેમ માતાનાં કથનને અનુસરી કબીર સાહેબ સાથે શાસ્ત્રાર્થ કરવાની ઇચ્છા વ્યક્ત કરી.

શ્રી કબીર સાહેબે આ અભિમાની પંડિતને કહ્યું "તમે તમારા જયપત્રમાં લખી લો કે કબીરજી હાર્યા અને સર્વાજિત જીત્યા. પંડિતે તે પ્રમાણે લખી લીધું અને માતા પાસે આવ્યા. તેમણે માતાને જયપત્ર વંચાવ્યું. મતાએ જોયું તો જયપત્રમાં શ્રી કબીરજી જીત્યા અને સર્વાજિત હાર્યા એવું લખાણ જોયું. આથી પંડિત ફરીથી શ્રી કબીર સાહેબ પાસે આવ્યા અને ફરીથી જયપત્ર લખાવ્યો. જ્યારે તે પત્ર માતાજીને વંચાવવા માંડયો ત્યારે ફરી તેમાં ઊલટું લખાણ જોઇ તે શરમિંદા થઇ ગયા. અને કબીર સાહેબના ચરણોમાં નમી પડયા. ત્યારપછી કબીર સાહેબે તેમની સાથે ઘણા દિવસો સુધી અનેક વિષયો ઉપર શાસ્ત્રાર્થ કર્યો. હવે તે પંડિત શ્રી કબીર સાહેબના શિષ્ય બન્યા. પાછળથી તેઓ શ્રુતિ ગોપાલજીના નામે પ્રસિદ્ધ થયા.

### મગહર પ્રયાણ

તે સમયે એક એવી પ્રચલિત માન્યતા હતી કે કાશીમાં મૃત્યુ થાય તો મુક્તિ મળે અને મગહર જે ગોરખપુરથી ૨૦ માઇલ દૂર

આવેલ છે ત્યાં મરવાથી ગધેડાની યોનિ પ્રાપ્ત થાય છે. લોકોક્તિ ભ્રમયુક્ત હોવાથી શ્રી કબીર સાહેબે કહ્યું કેઃ—

મગહર મરે સો ગદહા હોવે, ભલિ પરતીતિ રામ સે ખોવે.
મગહર મરે મરણ નહિ પાવે, અંતે મરૈ તો રામ લજાવૈ.
ક્યા કાશી ક્યા મગહર, ઐસા જો પૈ હૃદય રામ બસુ મોરા.

જે ગુરુભક્ત, જ્ઞાની અને વિરક્ત પુરુષ મુક્તિ પ્રાપ્ત થશે એમ માનીને કાશીમાં દેહત્યાગ કરે છે, તે પુરુષ રામને લજ્જિત કરે છે. તેના જ્ઞાન અને ભક્તિનાં મહિમાને હલકાં પાડે છે. જો હૃદયમાં રામ છે તો કાશી, મગહર કે અન્ય સ્થળની કોઈ જ મહત્તા નથી. જો કાશીમાં મરવાથી જ મુક્તિ મળતી હોય તો રામનું ભજન, જ્ઞાન આદિની કાંઈ જરૂર જ નથી. કબીર સાહેબે આ ભ્રાંતિને મિટાવવા માટે દેહત્યાગ માટે મગહર પ્રયાણ કર્યું.

**ચોરાસી સિદ્ધ તથા આમી નદી**

મગહરમાં ગોરખપંથી તથા નાથ પંથીઓના ચોરાસી સિદ્ધોનું સ્થાન હતું. ત્યાં એક સિદ્ધે શ્રી કબીર સાહેબ સાથે સિદ્ધિ માટે યોગ ચર્ચા કરવાની શરૂઆત કરી અને પોતાની સિદ્ધિના પરિચયરૂપે કુબડી જમીનમાં રાખી તેના ઉપર આસન લગાવી બેઠા. શ્રી કબીર સાહેબે એક ઝીણો સુતરનો તાંતણો આકાશમાં અદ્ધર નાંખી ત્યાં આસન લગાવ્યું તેથી સિદ્ધ પરાસ્ત થયો.

તે સમયે ત્યાં દુષ્કાળ, અનાવૃષ્ટિ પ્રવર્તમાન હતી. તેથી સિદ્ધે જમીનમાં પગથી લાત મારી ખાડો બનાવી જળ પેદા કર્યું. શ્રી કબીર સાહેબે કહ્યું કે તેટલું જળ સર્વ રહીશો માટે પૂરતું નથી. ત્યારે તે માટે સિદ્ધે પોતાની અસમર્થતા દર્શાવી, એટલે શ્રી કબીર સાહેબે તે જળમાંથી એક રેખા ખેંચી, તેમાંથી જળનો ધોધ



વહેવડાવ્યો જે એક મોટી નદીના રૂપમાં પરિણમ્યો.

તે ચર્ચા એક આમ્રવૃક્ષની નીચે ચાલી રહી હતી અને તે નદીનો પ્રવાહ પણ ત્યાંથી જ શરૂ થયો છે તેથી તે નદી આમી નદી તરીકે આજે પણ શ્રી કબીર સાહેબની યાદ તાજી કરાવે છે. વળી તે નદી મગહર ગામથી પાંચેક માઈલ દૂર હોવાથી ગ્રામજનોએ કબીર સાહેબને પ્રાર્થના કરવાથી નદીનો પ્રવાહ તેના મૂળ સ્થળેથી ખસી મગહરને અડીને વહેવા લાગ્યો જે આજે પણ મહાન ચમત્કારરૂપે જોવા મળે છે.

(ક્રમશઃ)

## સુધારો

મે '૧૯૯૪ ના અધ્યાત્મના અંકમાં "આશાનું જીવન" એ શીર્ષક હેઠળ જે લેખ છાપવામાં આવેલ તેના પાના નંબર ૩૪ ના છેલ્લા પેરેગ્રાફની ત્રીજી અને ચોથી લીટીમાં જે છપાયું છે તેને બદલે નીચે પ્રમાણે વાંચવું "પરંતુ હવે સમજાયું કે જે થયું તે યોગ્ય ન થયું, પરંતુ વિધિનું વિધાનજ એવું હશે."

ભૂલ બદલ દિલગીર છીએ.

— તંત્રી

# પૂ. માનો હરદ્વાર નિવાસ

નારાયણ હ. જાની

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી આ વરસે હરદ્વારમાં માર્ચ ૧૦ થી મે–૩૧, ૧૯૯૪ સુધી રહ્યાં. લગભગ પોણા ત્રણ માસનો ગંગાકાંઠાનો આ વસવાટ તેઓ પોતા માટે તેમજ તેઓના ભક્ત સમુદાય માટે અતિ મંગલકારી રહ્યો.

આમ તો સંતોનું સાન્નિધ્ય અતિ સુખકારી જ હોય છે. તેઓની સમીપે સંસાર ભૂલાય છે. વળી આસપાસ જે નિર્મલ પવિત્ર વાતાવરણનું વર્તુલ સરજાય છે, તેમાં પ્રવેશતાં જ સંસારના ત્રિવિધ તાપથી તપેલાં માનવોનાં મન શાન્તિ અને હાશનો અનુભવ કરે છે. આ કાંઇ જેવો તેવો લાભ થોડો છે? કારણ ગમે તેટલી સંપત્તિ ખર્ચતાં કે સુખ સગવડોનાં સાધનોનો ઢગલો કરતાં, આવો લાભ કદી મેળવી શકાતો નથી.

એ દૃષ્ટિએ પૂ. માએ સાધકોને ખૂબ ખૂબ લાભાન્વિત કર્યા પોતાના દર્શન અને સાન્નિધ્યનું સુખ આપ્યું. સત્સંગ કરાવ્યો ને સદુપદેશ આપ્યો. આ ઉપરાંત પોતાના ભગવતી સ્વરૂપનો પરિચય–સતત આઠ કલાક એક પલાંઠીએ બેસી લેખન કરીને કરાવ્યો, તો "જયપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની બિલાડીની પૂંછડીની રજકણની જય જય" જેવો વિનોદી વાર્તાલાપ આપીને, માનવસહજ ભૂમિકાની પ્રતીતિ પણ કરાવી! કેવો વિરોધાભાસ! છતાં નરી વાસ્તવિકતા. ગંગાના સ્નાનથી અને હરદ્વારની પવિત્ર ભૂમિના વસવાટથી તનના કાષાયો તો કપાયા,



પરંતુ મનની મલિનતા, સંકલ્પ–વિકલ્પોની હારમાળા અને રાગદ્વેષનાં ઝેર તો દૂર કરવાનું સામર્થ્ય ફક્ત સાચા સંતોમાં જ. એ કોઇ શાસ્ત્રવેતા, વિદ્વાન કે કથાકાર ના કરી શકે. ગમે તેવી સામર્થ્યશાળી સત્તા કે શાસન પણ ના કરી શકે. એમની એમાં પહોંચ જ નહિ. એ રીતે સાધકો ઘણો બધો સૂક્ષ્મ લાભ પામ્યા. કમસેકમ સંસારની રોજીંદી ઉપાધિઓમાંથી તો બચ્યા! જીવનનો એટલો કાળ સુધરી ગયો!

પૂ. માનાં સાહિત્યીક ક્ષમતાનું વિરલ દર્શન આ દિવસોમાં થયું. જે રીતે એમની કલમ ગંગાના પ્રવાહની જેમ ચાલી, તેણે તો સહુને આશ્ચર્યમુગ્ધ કરી નાંખ્યા. માત્ર દોઢ માસના ગાળામાં પૂ. માએ લગભગ ૭૫૦ જેટલાં ફુલસ્કેપ પાના–પૂ. ગુરુદેવના પરિચય અને પોતાની સાધનાનાં લખી નાંખ્યાં! એક વિરલ આધ્યાત્મિક ઇતિહાસ અક્ષરદેહ પામ્યો. સાથે સાથે હાજર સાધકોને તે આલેખનના પ્રત્યક્ષ સાક્ષી બનવાનો લહાવો ધરતો ગયો, ધન્ય કરતો ગયો!

વળી આ ગાળામાં પૂ. માના દસવર્ષના અન્ન અને મીઠા વગરના ઉપવાસો ઉપરાંત એક હજાર દિવસના પાણી પણ વગરના નિર્જળા હરદ્વારમાં પૂરા થયા. સાધનાત્મક ક્ષેત્રે પૂ. માની આ સિદ્ધિ નાનીસૂની નથી. ભલે, પૂ. માને મન એનું વિશેષ મહત્ત્વ ન હોય, કારણ કે કોઇ પણ કાર્યની સફળતાનો યશ તેઓ સદૈવ પ્રભુને જ–પૂ. ગુરુદેવને જ ધરતાં રહ્યાં છે. એટલે કંઇ મહાન કાર્ય થયું છે, તેનું ગૌરવ કે અભિમાન તેઓને મન જરાય નથી. આના પરિણામે આવા કઠોર તપના ભારેખમ અભિમાનથી તેઓ સંપૂર્ણ અલિપ્ત છે, એટલું જ નહિ, પરંતુ જાણે આ તપે તેમને હળવાં ફૂલ બનાવ્યાં છે.

સાધકોનું એ સદ્‌ભાગ્ય રહ્યું કે પૂ. માના જીવનને ખૂબ નજીકથી જોવાનો અને જાણવાનો વિરલ લહાવો તેમને તેઓની કૃપાથી જ મળ્યો. સાધકોએ તે માણ્યો ખરો. પરમ પૂ. ગુરુદેવ જો આ સમયે હયાત હોત તો પૂ. માના આવા ઉગ્ર તપથી તેઓ કેટલા બધા પ્રસન્ન થયા હોત, કેટકેટલા આશીર્વાદ અને અભિનંદન પૂ. મા ઉપર તેઓએ વરસાવ્યા હોત, તેની કલ્પના પણ ખૂબ રોમાંચકારી છે. શ્રી વિજયભાઇ પુરોહિતે (પંડિતજી)એ પૂ. માના હજાર દિવસોના પાણી વગરના ઉપવાસોના ઉપલક્ષ્યમાં દિવંગત સ્નેહીઓ, દેવો અને દિવ્યાત્માઓના આશીર્વાદ અને પ્રસન્નતાને અભિવ્યક્ત કરતું નાટક ભજવ્યું એ કેટલું બધું યથોચિત હતું! સાધકોએ વિવિધ પાત્રોને સરસ ન્યાય આપ્યો. પૂ. મા પણ એ નિહાળી ખૂબ પ્રસન્ન થયાં. સાધકોની પ્રસન્નતાનો સરસ પડઘો શ્રી પંડિતજીએ પાડયો.

પૂ. માએ પોતે ગંગાકિનારે આર્યનિવાસમાં વસીને મા ગંગાને મહિમા ધર્યો છે. સાધકોને ધન્ય કર્યા છે ને મેનેજર શ્રી રમેશભાઇ ઠાકરને જીવનની કૃતકૃત્યતા પ્રાપ્ત કરાવી છે. વંદન છે એ સહુ સાધકોને, જેઓ પૂ. માનું પોણાત્રણ માસનું સતત સાન્નિધ્ય પામ્યા, તો કેટલાક પૂ. માની સેવાનું સૌભાગ્ય પામીને લાભાન્વિત થયા. જેઓ થોડું પણ પામ્યા, તેઓ પણ ભાગ્યશાળી બન્યા.

પૂ. મા હાલ મુંબઇ છે. તેઓના આગળ ઉપરના કોઇ કાર્યક્રમની જાણ નથી. પૂ. માને હરદ્વારથી આવતાં ઘણો પરિશ્રમ પડયો. ભર ઉનાળાની અતિ તીવ્ર ગરમીમાં નિર્જળા કરી યાત્રા કરવી કેટલી બધી કઠિન છે, એ તો વાંચક કલ્પના કરી લે. એટલે પૂ. માને હવે પ્રત્યક્ષ મળવાના આગ્રહથી કષ્ટ ન અપાય. જો કે પૂ. માને પત્રદ્વારા મળી શકાય. પૂ. મા યથાસમયે એનો પ્રત્યુત્તર જરૂર વાળશે.



આપણે સહુ દૂર રહ્યે રહ્યે પણ મનથી પૂ. માનું સાન્નિધ્ય પેલી વ્રજની ગોપીઓની જેમ માણી શકીએ. એ કરવા જેવો અખતરો છે. કરી જુઓ, એટલે અનુભવાશે કે કેવો લાભ પમાય છે.

## સુવાક્યો

અધ્યાત્મનાં માર્ગમાં કેટલાક જ્ઞાન માર્ગને, તો કેટલાક ભક્તિમાર્ગને પ્રાધાન્ય આપે છે; પરંતુ વિચારવાન વ્યક્તિ બંનેનો સમન્વય સ્વીકારે છે. પરમાર્થમાર્ગમાં જેની ભૂખ ઉઘડી છે તેને જ્ઞાનમાર્ગનો રોટલો પોષણ આપશે જ, પરંતુ ભક્તિરૂપી છાસનો સંગાથ હશે તો જ્ઞાનનો રોટલો સરળતાની ગળે ઉતરશે. વિવાદ ન કરતા બંને માર્ગ સ્વીકારવા એ મુમુક્ષુનું કર્તવ્ય છે.

* * *

રથયાત્રા દરવરસે લોકવહેવારે પ્રદર્શિત થતી જોવા મળે છે. આમ તો માનવજીવન એક આવી જ રથયાત્રા છે. માનવશરીર રથી, રથને ઇંદ્રિયોરૂપી પાંચ અશ્વ અવિરતપણે ખેંચે છે. મન અને બુદ્ધિરૂપી લગામ વડે સફર કરતો આત્મા જાગૃત હશે તો યાત્રા સુખરૂપ બનશે. પરંતુ જીવ નિદ્રાવશ રહેશે તો બે–લગામ બનેલા અશ્વો તેને અધોગતિમાં લઇ જશે. મુમુક્ષુ આત્મા જાગૃતિપૂર્વક યાત્રા કરે તો સફળ થશે.

# રામકથા

( ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

## વાલી ઢળી પડે છે

રામ અને લક્ષ્મણનો સ્નેહ પામીને સુગ્રીવ કાંઇક અંશે નિશ્ચિંત બન્યો.

વાલીએ કરેલા અન્યાયનો બદલો લેવાની ભાવના એના દિલમાં વધારે ને વધારે પ્રબળ બનતી ગઇ.

વાલીએ કરેલું એનું ઘોર અપમાન એને યાદ આવતું ને કોરી ખાતું.

એણે કરેલી પોતાની દુર્દશા એના દિલમાં દાહ પેદા કરતી.

એને લીધે એ સુખપૂર્વક સૂઇ પણ ન શકતો.

રામ એની મનોદશાને બરાબર જાણી ગયા, એટલે એને વાલીનો મુકાબલો કરવા માટે ઉત્સાહિત કર્યો.

સુગ્રીવ રામની સંમતિથી વાલી સાથે યુદ્ધ કરવા તૈયાર થયો.

હાથમાં ગદા લઇને રામના સુભાશિષ સાથે એણે કિષ્કિંધા માટે પ્રયાણ કર્યું.

રામ તથા લક્ષ્મણ પણ એની સાથે ગયા.

પર્વત પરથી નીચે ઊતરીને થોડાક આગળ વધ્યા પછી એ બંને વનની ઝાડીમાં ઊભા રહ્યા અને સુગ્રીવ યુદ્ધ માટે આગળ ચાલ્યો.

કિષ્કિંધાના સુવર્ણમય, મણિજડિત દુર્ગદ્વાર પાસે પહોંચીને એણે જોરથી ગર્જના કરી તથા વાલીને યુદ્ધ માટે આહ્વાન કર્યું.

વાલી સુગ્રીવનો સાદ પારખીને અંતઃપુરમાંથી યુદ્ધે ચઢવા બહાર નીકળવા માંડયો ત્યારે તારાએ એને વારતાં કહ્યું : 'સુગ્રીવને કોઇક પ્રતાપી પુરુષનો સાથ સાંપડયો છે. એવા સમાચાર મને વિશ્વસ્ત સૂત્રોદ્વારા મળી



શક્યા છે. એ સમાચાર ખોટા ન હોઇ શકે. માટે તો એ હિંમતપૂર્વક યુદ્ધને માટે ગર્જના કરે છે. મને ભય છે કે એ પ્રતાપી પુરુષોનો સાથ મેળવીને આ વખતના યુદ્ધમાં એ તમને પરાસ્ત ન કરે. મારું અંતર કશાક અમંગલની આશંકા કરી રહ્યું છે.

વાલી અટ્ટહાસ્ય કરતાં મદભરી ભાષામાં કહેવા માંડયો : 'તારું અંતર તો સદા આશંકા જ કર્યા કરવાનું. યુદ્ધમાં મારો સામનો કરે એવું છે જ કોણ? અને એવું કોઇ હશે તો પણ મારે હાથે નાશ પામશે. સુગ્રીવને કોઇનો સાથ મળ્યો હોય તો પણ શું? મારું સામર્થ્ય એવું અસાધારણ છે કે સુગ્રીવ કે તેના સાથીથી મારી સામે લડી જ ન શકાય. મોટામોટા વીરોને મેં ધૂળ ચાટતા કરી દીધા છે, પછી સુગ્રીવનો અને એના સાથીનો શો હિસાબ? એ તો મારે મન તણખલાં બરાબર છે. હમણાં ચપટી વગાડતામાં એને નસાડી મૂકું છું. હું બહાર નીકળું એટલી જ વાર છે. એ નાસી જશે.'

'તમે આવું અભિમાન કરો છો એ બરાબર નથી. આ અભિમાન તમને કોઇવાર ભારે પડશે. મને આજે એક અમંગલ સ્વપ્ન આવ્યું છે. એને યાદ કરીને તમને અરજ કરું છું કે, આજે સુગ્રીવ સાથે લડવા ન જતા.'

'કેવું સ્વપ્ન આવ્યું છે?'

'જાણે કે તમે લડતાં લડતાં ભયંકર રીતે ઘાયલ થયા છો અને સુગ્રીવ તમને કેદ કરીને રાજ્યસિંહાસન પર બેસવાની તૈયારી કરે છે. એમની સાથે એક પ્રતાપી પુરુષ અને હનુમાન પણ છે.'

વાલીએ ફરીથી અટ્ટહાસ્ય કરીને કહ્યું : 'તું પણ ખરી છે! આવા પાયા વિનાના સ્વપ્નને સાચું સમજીને શંકામાં પડી. હજુ તને મારા સામર્થ્યનો પરિચય નથી થયો લાગતો. બધાં સ્વપ્ન શું સાચાં હોય છે?'

'સાચાં હોય છે કે નથી હોતાં એ વાતનો નિર્ણય મારાથી ન કરી શકાય, પરંતુ મારું મન આ સ્વપ્નને લીધે એટલા માટે શંકાશીલ બન્યું કે આ સ્વપ્ન બ્રાહ્મમુહૂર્તના વખત દરમિયાન આવેલું છે. બ્રાહ્મમુહૂર્તનું સ્વપ્ન મોટે ભાગે સાચું પડે છે એવી લોકોક્તિ છે. હું અંતઃકરણપૂર્વક ઇચ્છું છું કે

આ સ્વપ્ન સાચું ન પડે તથા તમે ચિરાયુ થાવ. છતાં પણ આવા વિચિત્ર સ્વપ્નને લીધે મારું મન થોડુંક ભયભીત બની ગયું છે. સુગ્રીવને કિષ્કિંધાનો ત્યાગ કરવો પડયો એ અગાઉ પણ મને એની સૂચના આપતું સ્વપ્ન આવેલું. સુગ્રીવને મેં એ કહી બતાવેલું ત્યારે એમણે પણ એની આવી જ રીતે ઉપેક્ષા કરેલી, છતાં પણ એ સ્વપ્ન સાચું ઠર્યું.'

'સુગ્રીવ સંબંધી સ્વપ્ન સાચું ઠર્યું હોય તો પણ એનો અર્થ એવો તો નથી જ કે આ સ્વપ્ન પણ સાચું ઠરશે. તારું સ્વપ્ન દેખીતી રીતે જ કેટલું વિચિત્ર છે! કોઇપણ બુદ્ધિશાળી પુરુષ એને સાચું ન માની શકે. સુગ્રીવ મારી સાથેના યુદ્ધમાં મને ઘાયલ કરશે, કેદ કરશે, તથા રાજ્યસિંહાસન પર બેસશે એ વાત માની શકાય એવી છે જ ક્યાં? પર્વતો હાલવા માંડે, ધરતી પોતાની તિતિક્ષાનો પરિત્યાગ કરે, અને આકાશ તૂટી પડે, તોપણ સુગ્રીવ યુદ્ધમાં મને ઘાયલ નથી કરી શકે તેમ. તો પછી એની પછીની બીજી પરિસ્થિતિ તો પેદા થઇ શકે જ કેવી રીતે? સુગ્રીવને મારા બાહુબળનો સ્વાદ ચખાડીને તથા ભગાડીને હું હમણાં જ પાછો ફરું છું.'

એમ કહીને વાલી હાથમાં ગદા લઇને બહાર દોડયો.

એને સામેથી વંટોળની જેમ દોડી આવતો જોઇને સુગ્રીવ થોડો ગભરાયો તો ખરો, પરંતુ રામની અસાધારણ શક્તિનું સ્મરણ કરીને હિંમત ધારણ કરીને ઊભો રહ્યો.

વાલીએ એની પાસે પહોંચીને રોષથી કહ્યું : 'તને પર્વતની ગુફામાં શાંતિપૂર્વક સૂવાનું નહિ ગમતું હોય એટલે આજે પાછો કાળનો કોળિયો થવા મારી આગળ મોટું સાહસ કરીને આવી પહોંચ્યો લાગે છે!'

સુગ્રીવે કહ્યું : 'હું કાળનો કોળિયો થવા માટે નથી આવ્યો, પરંતુ તને પોતાને કાળનો કોળિયો કરવા માટે આવી પહોંચ્યો છું. હું તારો કાળ જ છું.'

'એમ? એટલું બધું અભિમાન?'

'અભિમાન તો મારામાં નથી પણ તારામાં છે. એટલે તો એને લીધે તું ઘમંડી બની ગયો છે ને મારી સાથે ઘોર અનીતિ કરી રહ્યો છે.'



'લે ત્યારે તારી સાથે નીતિ કરી બતાવું અને તારી યુદ્ધની ભાવના પૂરી કરું. જીવન પ્રિય હોય તો હજુ પણ પાછો જા, નહિ તો પછી મરવા માટે તૈયાર થા.'

'મરવા માટે નહિ પરંતુ તને મારવા માટે તૈયાર છું.'

'તો પછી આવી જા!'

બંને વચ્ચે ગદાયુદ્ધ શરૂ થયું.

રામ તથા લક્ષ્મણ એને દૂરથી જોવા લાગ્યા.

લડતાં લડતાં વાલીએ સુગ્રીવની છાતી પર મુક્કાનો પ્રહાર કર્યો. એથી સુગ્રીવ ભારે વિહ્વળ બની ગયો.

પીડા તથા બેચેની સાથે એણે રામ અને લક્ષ્મણની મદદથી પ્રતીક્ષા કરી, પરંતુ એમની મદદ ના મળવાથી યુદ્ધ સ્થળમાંથી પોતાનો પ્રાણ બચાવવા એ ઊંડી નિરાશા સાથે નાસવા લાગ્યો.

વાલીએ એનો પીછો તો કર્યો પરંતુ એ ઋષ્યમૂક પર્વતના પ્રદેશમાં પ્રવેશ્યો એટલે શાપનું સ્મરણ કરીને વાલી પાછો ફર્યો.

પાછા ફરતાં પહેલાં એણે સુગ્રીવને સંભળાવ્યું : 'જીવતા રહેવું હોય તો હવે ભૂલેચૂકે પણ પાછો ન ફરતો. હવે આવીશ તો ગમે તેમ થશે તો પણ પાછો નહિ જવા દઉં. તું એકલો હોઇશ કે તારા સહાયકની સાથે હોઇશ તો પણ બચશે તો નહિ જ.'

વાલીએ અંતઃપુરમાં પાછા ફરીને તારાને બધી હકીકત કહી સંભળાવી એટલે તારાને શાંતિ થઇ.

વાલી બોલ્યો : 'મેં નહોતું કહ્યું કે મારી સામે સુગ્રીવ નથી ટકી શકે તેમ? તને શંકા હતી તો જોઇ લે. મને ઘાયલ કરવાની વાત તો બાજુએ રહી, આ તો સુગ્રીવ પોતે જ ઘાયલ થઇને નાસી ગયો. હવે નકામી ચિંતા કે શંકા ન કરતી. તારું સ્વપ્ન કેટલું બધું અર્થહીન હતું તેની હવે તને ખાતરી થશે.'

'તો પણ તમે સાવધાન તો રહેજો જ. સુગ્રીવને સાથીની સહાય હોવાથી એ ફરીવાર ન આવે. વેરભાવ માણસને શાંતિથી નથી બેસવા દેતો.

એ એના હૃદયને બાળ્યા જ કરે છે. હું તો કહું છું, તમે સુગ્રીવને રાજ્યનો થોડોક હિસ્સો આપી દો અથવા યુવરાજ બનાવો જેથી તમારા બંને વચ્ચેનું વેર કાયમને માટે શમી જાય. આખરે તે પણ તમારા ભાઈ છે. એમણે જે અપરાધ કર્યો છે તે જાણીબૂઝીને નથી કર્યો.'

'તું પણ એનો પક્ષ ખેંચતી લાગે છે. તારી બુદ્ધિને ખરેખર ધન્ય છે. સુગ્રીવને રાજ્યનો હિસ્સો આપું? તો પછી હું શું કરું? અને એને યુવરાજ પદ પ્રદાન કરું તો અંગદ શું કરશે? તારી બુદ્ધિની પણ બલિહારી છે! તારી સલાહ પ્રમાણે ચાલું તો બધું બરબાદ થઈ જાય. હું એવો મૂર્ખ નથી કે સુગ્રીવને એમ રાજ્ય આપી દઉં. હા, એને જીવવાનું ગમતું જ નહિ હોય અને મરવાનું જ પસંદ હશે તો એને મૃત્યુની મુલાકાત અવશ્ય કરાવી આપીશ. બાકી તો મારા પર વેરભાવ રાખીને એ બીજું કરવાનો પણ શું હતો? એ લાખ ઉપાય કરે તોપણ મારો વાળ વાંકો નથી કરી શકવાનો.'

તારા બોલી : 'મને ભય તમારા જીવનનો છે. તમને કશુંક થઈ જશે તો મારું જીવન દુ:ખી બની જશે.'

'મને કશું જ નથી થવાનું. તું તદ્દન નિર્ભય રહેજે.'

વાલીના પ્રહારથી પીડિત થયેલા સુગ્રીવે ઋષ્યમૂક પર્વતની તળેટીમાં ઊભેલા ધનુર્ધારી રામને ઉદ્દેશીને કહ્યું : 'જોયોને વાલીનો પ્રભાવ? તમારા ભરોસે હું લડવા ગયો નહિ તો એની સામે યુદ્ધ ચઢવાની હિંમત ન કરું, પરંતુ તમે તો નિષ્ક્રિય જ રહ્યા. આવી રીતે મારાથી એનો સામનો સ્વપ્ને પણ નહિ કરી શકાય.' ( ક્રમશઃ )

## ચૂંટેલાં પુષ્પો

મૃત્યુ તો અનેક રીતે થાય. દેહનું પણ થાય અને દિલનું પણ થાય. દેહ સડે ત્યારે મોત અને હૃદય સડે ત્યારે મોત. જીવનનો અંત એ મોત અને ચારિત્ર્યનો અંત એ મોત.

## * નૈતિક કે આત્મિક ઉત્કર્ષ જરૂરી *

ગીતા સંસાર ને સાંસારિક ઉત્કર્ષમાં માને છે એ ખરું; પરંતુ કેવળ સાંસારિક સુખને માટે તથા સાંસારિક પદાર્થોને માટે જ મરી ફીટવામાં કે જીવવામાં માનતી નથી. માણસ સંસારને જ સર્વસ્વ માને ને સાંસારિક સુખની આશા-તૃષ્ણામાં જ જીવન પૂરું કરે, એ તેને પસંદ નથી. સંસાર ને સંસારના પદાર્થોનો એકદમ તિરસ્કાર ને અત્યંત રાગ એ બેમાંથી એકનું તે સમર્થન કરતી નથી. તે માણસને સંસારમાં રહીને નિર્મમ ને અનાસક્ત રહેવાનો ને સંસારનાં સુખ કે દુ:ખ ને પ્રલોભનોથી ચલિતચિત્ત નહિ થવાનો મધ્યમ ને સલામત માર્ગ બતાવે છે. આની સાથે-સાથે જીવનના એકમાત્ર આદર્શ તરીકે આત્મસાક્ષાત્કાર, ઈશ્વરદર્શન કે મુક્તિની પ્રાપ્તિને બતાવે છે, ને કોઈ પણ સંજોગોમાં માણસ તેને ભૂલી ન જાય તે માટે વારંવાર અને અનેક રીતે તેનું પ્રતિપાદન કરે છે. એટલે જીવનમાં સાંસારિક ઉત્કર્ષની સાથેસાથે નૈતિક ને આત્મિક ઉત્કર્ષને પણ તે જરૂરી કહે છે. માણસ જે સંસારમાં રહે છે તે સંસારમાં ભલે રહે; તેને વધારે ને વધારે સુખી ને સમૃદ્ધ બનાવવાનો પ્રયાસ પણ તે ભલે કરે; પણ તેનું જીવનધ્યેય એટલામાં જ પૂરું થતું નથી. નૈતિક ને આત્મિક ઉન્નતિ વિના માણસને માટે બધું નકામું છે. સંસારનું સંપૂર્ણ સુખ ને ઐશ્વર્ય હોય તોપણ તેથી તેને શાશ્વત સુખ ને સર્વ પ્રકારના દુ:ખથી મુક્તિ નહિ મળી શકે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * અમર સંદેશ *

આજે બધા જ દેશો શાંતિ શાંતિનો જાપ કરે છે, પણ વાસ્તવિક રીતે જોતાં તેમનામાં અશાંતિ જ વધતી જણાય છે. શાંતિના જાપથી કે શાંતિની વાતો વહેતી મૂકવાથી શાંતિ થવાની નથી. શાંતિને માટે પહેલી શરત તો એ છે કે તમે પોતે શાંતિ માટે ખરેખર આતુર છો? તમને થશે કે આશું? શાંતિની ઈચ્છા કોને ના હોય? પણ આ પ્રશ્ન વિચારવા જેવો જરૂર છે. કેમ કે એવી કેટલીય વ્યક્તિઓ છે જે શાંતિ કરતાં અશાંતિ વધારવામાં જ આનંદ ને ગૌરવ માનતી હોય છે. એટલે પહેલાં તો શાંતિની ભૂખ લાગવી જોઈએ. શાંતિને માટે દૃઢ પ્રતિજ્ઞ થવું પડશે.

બીજી શરત એ કે શાંતિ માટે સહકાર કરવો. જેમ તમારી શાંતિની તમને ઈચ્છા છે, તેમ જગતમાં સર્વ શાંતિથી રહે એ તમારી ઈચ્છા ને અભિલાષા હોવી જોઈએ. તમારા રાષ્ટ્રની મર્યાદા તોડીને બહારના પ્રાદેશિક પ્રચાર માટે કે પ્રદેશ માટે પ્રકટ કે અપ્રકટ આક્રમણ કરતા હો ને શાંતિના સૂર છેડતા હો તો તે પ્રલાપ થાય છે, ને તેથી શાંતિ સ્થપાવાની કે સચવાવાની નથી જ નથી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧